॥ સનાતન પરમો ધર્મ ॥

સાબર જા વાવડ

શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ સાબર રીજીયનનું
અનિયતકાલિન મુખપત્ર

ગ્રીનલેન્ડ કાઉન્સિલ

ઓગષ્ટ-૨૦૧૩ અંક-૧



પૂ. શ્રી નારાયણ રામજી લીંબાણીને
૧૩૦ મી જન્મ જયંતિ નિમિત્તે પ્રથમ અંક સાદર અર્પણ




પંચામૃત



શ્રી નારાયણ કથા




સ્નેહ ગાંઠ




AGM-નખત્રાણા



સાબર AGM


realpatidar.com
॥ સનાતન પરમો ધર્મ ॥
સાબર જા વાવડ
શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ સાબર રીજીયનનું
અનિયતકાલિન મુખપત્ર
ગ્રીનલેન્ડ કાઉન્સિલ
ઓગષ્ટ-૨૦૧૩ અંક-૧
પૂ. શ્રી નારાયણ રામજી લીંબાણીને
૧૩૦ મી જન્મ જયંતિ નિમિત્તે પ્રથમ અંક સાદર અર્પણ
ABKKP YUVASANGH
SABAR REGION
પંચામૃત
શ્રી નારાયણ કથા
સ્નેહ ગાંઠ
AGM-નખત્રાણા
સાબર AGM
realpatidar.com


છે આવતીકાલ..?
તેને સુરક્ષિત બનાવો તત્કાલ
યુવા સુરક્ષા કવચ
મારો પરિવાર
સુરક્ષિત પરિવાર
પરિવાર સુરક્ષા
મારી પ્રાથમિકતા
अपने लीये नहीं..... लेकीन अपनों के लीये.... YSK
meghdhanush
bio-fertilizers
MEGHDHANUSH
BIOFERTILIZERS
I-4, R. K. Wearhouse, B/h. Tulsi Hotel, Aslali, Ahmedabad-382427.
Office : 94093 42290 E-mail : meghdhanushbiofertilizers@gmail.com
Mo. 94085 52296, 94085 52295
ડિલર્સ આવકાર્ય છે
realpatidar.com

શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ-
સાબર રીજીયનનું
અનિયતકાલિન મુખપત્ર

સાબર જા વાવડ

માસ : ઓગષ્ટ-૨૦૧૩
અંક : ૧ (પ્રથમ)

• પ્રકાશન સમિતિ •
ડો. વસંત ઘોળુ
ચેરમેન
જીતેન્દ્ર દિવાણી
ચિફ સેક્રેટરી
મહેન્દ્ર સુરાણી
વાઈસ ચેરમેન
પ્રકાશ લીંબાણી
પ્રસાર-પ્રચાર સમિતિ

• મુદ્રક અને પ્રકાશક •
અરવિંદ વેલાણી
પ્રવક્તા - સાબર રીજીયન

• ઓફસેટ પ્રિન્ટીંગ •
સુભાષ ઘોળુ

• મુદ્રણ સ્થળ •
એ-વન ઓફસેટ
તલોદ, જિ. સા.કાં.

• કાર્યાલય •
સાબર રીજીયન
C/o. એ-વન હાઉસ
મિસ્ત્રી માર્કેટ, તલોદ,
જિ. સાબરકાંઠા- ૩૮૩૨૧૫
E-mail:
sabaryuvasangh@gmail.com

થોડુંક.... સાબર જા વાવડ વિશે....

વ્હાલા જ્ઞાતિ બંધુઓ,

જય લક્ષ્મીનારાયણ.... જય સનાતન....

શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ એટલે સમાજ વ્યવસ્થામાં ચૈતન્ય - સ્ફૂર્તી - ઉત્સાહ પૂર્વક નિર્ણાયક ભૂમિ અદા કરનાર જ્ઞાન - શીલ - એકતાના અભિગમથી કાર્યરત સમાજની યુવા પાંખ.

આપણું સાબર રીજીયન દહેગામ (ગાંધીનગર)થી વિજયનગર અને કપડવંજ (ખેડા) થી અમીરગઢ (બનાસકાંઠા) સુધી વિસ્તારેલ છે. તેને અમીરગઢ, અરવલ્લી, હિંમતનગર, મોડાસા, તલોદ, ધનસુરા, દહેગામ, બાયડ અને કપડવંજ એમ ૯ ડિવીઝનમાં વહેંચી યુવાસંઘની વિવિધ સમિતિઓ દ્વારા યુવા ઉત્કર્ષ અને સમાજ વિકાસના કાર્યો કરી રહેલ છે.

આજના ઝડપથી વિકસી રહેલ સમયમાં સંગઠન એક મોટી ભૂમિકા અદા કરે છે. જેના માટે પરસ્પર એક બીજાના સંપર્કમાં રહેવું અને થયેલ તથા થનાર કાર્યોનો પ્રચાર પ્રસાર કરી દરેકને માહિતગાર રાખવા ખૂબ જરૂરી છે. આ હેતુસર યુવાસંઘની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા દરેક જ્ઞાતિજન સુધી આ સામાજીક કાર્યોની સમાચાર સ્વરૂપે સુગંધ પ્રસરે તે હેતુસર અમો આદ્ય જ્ઞાતિ સુધારક સનાતની રાહબર પ.પૂ. શ્રી નારાયણ રામજી લીંબાણીને ૧૩૦ મી જન્મ જયંતિ નિમિત્તે **"સાબર જા વાવડ"**નો પ્રથમ અંક અર્પણ કરતાં હર્ષ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યા છીએ.

વિશેષમાં આપના વિસ્તારના સામાજીક કાર્યોના સમાચારોને યુવાસંઘ-સાબર રીજીયન ના કાર્યકર્તા સુધી પહોંચાડશો તો અમારી યુવા ટીમ આ સમાચાર રૂપી વાવડને દરેક જ્ઞાતિજન સુધી પહોંચાડવા કટીબધ્ધ છે.

ડૉ. વસંત ઘોળુ	જીતેન્દ્ર દિવાણી
ચેરમેન	ચિફ સેક્રેટરી

તથા

શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ - સાબર રીજીયનના સર્વે સભ્યો









દહેગામ ખાતે યુવાસંઘ - સાબર રીજીયનની દ્વિવાર્ષિક સાધારણ સભા મળી

આગામી સત્ર માટેના સનાતની કાર્યવાહકો વરાયા

-:- દહેગામ વિભાગ સનાતન સમાજ યુવાપાંખનું દિલેરી યજમાન પદ...
-:- પ્રદેશના સામાજિક અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ...
-:- પાવર પોઈન્ટ પ્રેજન્ટેશન દ્વારા અનોખો પદગ્રહણ સમારોહ
-:- ૧૦૦૦ યુવાનોની હકડેઠઠ મેદનીમાં બહેનોની પણ નોંધપાત્ર હાજરી
-:- ડૉ. હરીભાઈ પટેલ દ્વારા સૌ યુવા કાર્યકરોને પ્રેરક સનાતની કર્તવ્ય દિક્ષા

દહેગામ, શ્રી અ.ભા.ક.ક.પા યુવાસંઘ સાબર રીજીયનની દ્વિવાર્ષિક સાધારણ સભા રીજીયનના ચેરમેન સૌરભ રામાણીની અધ્યક્ષતામાં તા. ૨૯/૦૭/૨૦૧૨ના રોજ શ્રી ઓધવ ભવન, દહેગામ ખાતે મળી.

આ સભામાં કેન્દ્રીય યુવાસંઘના પ્રમુખ ગૌરાંગ ધનાણી, કાઉન્સીલ પ્રમુખ- અશોક ભાવાણી, પ્રવક્તા- પ્રકાશ માવાણી, મહામંત્રી હરેશ રામાણી, ગ્રીનલેન્ડ કાઉન્સીલ મંત્રી તુલસી દિવાણી, મોડાસાના સ્વાધ્યાય પ્રવૃત્તિના અગ્રણી અને સભાના કી-નોટ સ્પીકર ડૉ. હરીભાઈ છાભૈયા, પસંદગી સમિતિના અધ્યક્ષ પરષોત્તમ ભગત, મંત્રી મહેન્દ્ર સેંઘાણી, તથા દક્ષિણ સાબરકાંઠા ઝોનના પ્રમુખ પુનમભાઈ ધોળુ, ઉત્તર સાબરકાંઠા ઝોનના ઉપપ્રમુખ રસિકભાઈ છાભૈયા, મંત્રી કાંતિભાઈ પોકાર, કેન્દ્રીય કારોબારી સભ્ય પ્રિ.આર.એલ.પટેલ, સનાતન સમાજ ધનસુરાના ઉપપ્રમુખ ડાહ્યાભાઈ નાકરાણી તથા મંત્રી અને ઉત્તર ગુજરાત રીજીયનના સ્થાપક પ્રમુખ અમૃતભાઈ રામાણી, ખજાનચી ઈશ્વરભાઈ માવાણી, સહમંત્રી ચંદુભાઈ લિંબાણી અને નરેન્દ્રભાઈ ભાવાણી, દ.સા.ઝોનના ન્યાય સમિતિના ચેરમેન શાંતિલાલ નાકરાણી, ઉપપ્રમુખ રવજીભાઈ રામજીયાણી, મંત્રી ગંગારામભાઈ ભાવાણી, સનાતન સમાજ મહિલા મંડળના પ્રમુખ વિલાસબેન રામાણી, પૂર્વ પ્રમુખ કમળાબેન લિંબાણી અને સનાતન યુવા પૂર્વ પ્રમુખ સતીશભાઈ લિંબાણી, દહેગામ વિભાગ સનાતન સમાજના પ્રમુખ મગનભાઈ છાભૈયા વિગેરે મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સભાની શરૂઆતમાં કાઉન્સીલ ચેરમેન અને ઈમી.પાસ્ટ પ્રેસીડેન્ટ અશોક ભાવાણીએ સૌને આવકાર્યા હતા. રીજીયન ચેરમેન સૌરભ રામાણીએ પોતાના વકતવ્યમાં પોતાના કાર્યકાળના બે વર્ષના લેખા-જોખા રજુ કરી સનાતની સંઘર્ષની વ્યથા-કથા સભા સમક્ષ લાગણીસભર મુકી હતી. સનાતન અસ્તિત્વના કપરા સંજોગોમાં જે જે યુવા દોસ્તો અને વડીલોએ સનાતની સહકાર આપ્યો હતો. તેઓનો દિલથી આભાર માન્યો હતો. સનાતનના યજ્ઞિય કાર્યમાં હવનમાં હાડક

...માનારા સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. અંતમાં, યુવાસંઘના બંધારણ પ્રમાણે એમના ચેરમેનપદ અને સમગ્ર કાર્યવાહક મંડળને વિસર્જનની જાહેરાત કરી અને રીજીયનના તમામ ડીવીઝનમાંથી રીજીયન પસંદગી સમિતિએ તૈયાર કરેલી ઉમેદવારી પત્રની ફાઈલ કેન્દ્રીય પસંદગી સમિતિને સુપરત કરી હતી. જેમાંથી આગામી સત્રના ઉમેદવારો સર્વાનુમતે પસંદ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ડૉ. હરીભાઈ છાભૈયાએ સૌ યુવાઓને સનાતની મર્મ સમજાવી સત્ય માટે સ્વજનો સામે જેમ અર્જુનને લડવું પડ્યું હતુ તેમ આપણે સનાતની મવાળો સામે સત્ય માટે આપણે જ લડવું પડશે. વિવિધ આધ્યાત્મિક દ્રષ્ટાંતો દ્વારા યુવાઓને પ્રેરક પ્રવચન કર્યુ હતું. પુર્વ પ્રમુખ અમૃતભાઈ રામાણી અને નિવૃત્ત પ્રિ.આર.એલ.પટેલ યુવા પ્રવૃત્તિને બિરદાવી હતી.

કેન્દ્રીય અને રીજીયન પસંદગી સમિતિ દ્વારા આવેલ ઉમેદવારી પત્રોમાંથી આગામી સત્ર માટે હોદ્દેદારોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં, ચેરમેન ડૉ. વસંત ધોળુ - તલોદ ની સાથે ઉપપ્રમુખ ભરત સુરાણી - ઈશ્વરપુરાકંપા તથા મહામંત્રી જીતેન્દ્ર દીવાણી - બિલેશ્વરકંપા, પ્રવક્તા અરવિંદ વેલાણી - ગણેશફાર્મ (અમીરગઢ), ખજાનચી રસિકભાઈ માવાણી - દહેગામ, મંત્રી હર્ષદ ભાવાણી - મોડાસાને નિયુક્ત કરી રીજીયનના ૯ ડીવીઝન માટે કાર્યવાહકોની નિમણૂંકની જાહેરાત રીજીયન પસંદગી સમિતિના સભ્ય અશોક ભાવાણી - ધનસુરાએ પાવર પોઈન્ટ પ્રજન્ટેશન દ્વારા વિશેષ સ્વરૂપે કરી હતી.

નવા વરાયેલા ચેરમેન ડૉ. વસંત ધોળુએ પોતાના ભાવિ કાર્યક્રમોનો ચિતાર આપી, સમાજના પડકારો સામે એક થઈ કાર્યો કરવા સૌને હાકલ કરી હતી.

કેન્દ્રીય પ્રમુખ ગૌરાંગ [illegible] શાલીગ્રામ સાથે હોદ્દાનું મહત્વ અને [illegible]મા સમજાવી શપથ ગ્રહણ કરાવ્યા હતા. આ તબક્કે મહામંત્રી હરેશ રામાણી - બારડોલી, પ્રવક્તા પ્રકાશ માવાણી - મુંબઈ, પુરુષોત્તમ ભગત - અંકલેશ્વર વિગેરે મહાનુભાવોએ પ્રસંગોચિત વિચારો રજુ કરી નવા વરાયેલા સભ્યોને શુભેચ્છા આપી હતી.

સભાના અંતમાં, નવા વ[illegible] ઉપપ્રમુખ ભરત સુરાણીએ સૌ પ્ર[illegible] આભારનો ભાવ પોતાની આગવી પહાડી શૈલીમાં વ્યક્ત કર્યો હતો.





શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ - સાબર રીજીયન દ્વારા

કર્મયોગી કાર્યશાળાનું થયેલ ભવ્ય આયોજન

શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘના સાબર રીજીયન દ્વારા તા. ૨૯-૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ વાનપ્રસ્થ આશ્રમ - રોઝડ ખાતે બે દિવસની કર્મયોગી કાર્યશાળાનું રીજીયનના યુવા ચેરમેન ડૉ. વસંત ધોળુ તથા મહામંત્રી જીતેન્દ્ર દિવાણી અને તેમની સમગ્ર ટીમના અથાગ પ્રયત્નો દ્વારા ઉત્કૃષ્ઠ આયોજનનો નમૂનો દર્શાવતું પ્રેરણાદાયી આયોજન કરવામાં આવેલ.

તા. ૨૯ સપ્ટેમ્બર,૨૦૧૨ - શનિવાર

વાનપ્રસ્થ આશ્રમ, રોઝડના પવિત્ર, શાંત અને વૃક્ષ આચ્છાદિત નયન રમ્ય સ્થળે સાંજના ૪:૩૦ કલાકે સાબર રીજીયનના સર્વે સભ્યો (કેટલાક લક્ષ્મીનારાયણ સ્વરૂપે તો કેટલાક હનુમાન સ્વરૂપે) ઉપસ્થિત થયા હતા. રજીસ્ટ્રેશન કામગીરી પૂર્ણ કરી આશ્રમ ભ્રમણ કરી પરિચય મેળવ્યો હતો. સ્વાગત સમિતિ દ્વારા સર્વેનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવેલ. સાંજના સર્વેએ સમૂહ વાળુ-પાણી કરી સભાખંડમાં સ્થાન ગ્રહણ કરેલ.

ઈષ્ટદેવ લક્ષ્મીનારાયણની સંગીતમય સમૂહ પ્રાર્થના દ્વારા કાર્યશાળાનો શુભારંભ કરવામાં આવ્યો. સર્વે સભ્યો અને આમંત્રિતોનું ધમાકેદાર સનાતની સ્વાગત રીજીયન પ્રમુખ ડૉ. વસંત ધોળુ દ્વારા કરવામાં આવેલ તેમણે તેમની આગવી શૈલીમાં યુવાનોના ભેળા થવાનો ભાવ (હેતુ) વિગતે સમજાવેલ. બાદમાં આશ્રમના બ્રહ્મચારી શ્રીદિનેશજીએ "સામાજીક વ્યવસ્થામાં યુવાનોની ભૂમિકા" વિશે સુંદર પ્રેરક પ્રવચન દ્વારા કાર્યશાળાને ગતિશીલતા પ્રદાન કરેલ.

ત્યારબાદ સાબર રીજીયનના નવ ડિવિઝનોમાંથી ઉપસ્થિત સભ્યોનો પરિચય તેમના ડિવિઝનલ ચેરમેન અને મંત્રીશ્રીએ આપેલ ૧૬૦ સભ્યોની પરિચય વિધિ યાદગાર રહેલ. યુવાસંઘના કેન્દ્રીય ઉપપ્રમુખશ્રી પ્રકાશ માવાણી - મુંબઈ, મહામંત્રીશ્રી ગૌત્તમકેશરાણી - મુંબઈ અને પૂર્વ પ્રમુખશ્રી ગૌરાંગ ધનાણી - સુરત, પ્રવકતાશ્રી અશોક ભાવાણી - ધનસુરા, પૂર્વ પ્રમુખશ્રી જયંતિભાઈ લાડકવાયા - નરોડા, પૂર્વ મહામંત્રી વલ્લભભાઈ મૈયાત - અંકલેશ્વર, ગ્રીનલેન્ડ કાઉન્સિલ પ્રમુખશ્રી અમૃત નાકરાણી - અંકલેશ્વર, હેલ્થ પી.ડી.ઓ. શ્રી હિંમતભાઈ વાઘડીયા - વડોદરા, સાબરના સદાય સનાતની શુભેચ્છક એવા આદરણીય શ્રી આર.એલ.પટેલ સાહેબ - તલોદ, શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ-હિંમતનગરના પ્રમુખશ્રી તુલસીભાઈ સુરાણી, અમીરગઢ સમાજના પ્રમુખશ્રી રણછોડભાઈ સેંઘાણી, સનાતની ફાયર બ્રાન્ડ વક્તા ડૉ. હરીભાઈ છાભૈયા - મોડાસા, ડૉ.ગોવિંદભાઈ રંગાણી - મોડાસા, ડૉ. અમૃતભાઈ ધોળુ - હિંમતનગર, ડૉ. સી.ડી. પટેલ (છાભૈયા) - હિંમતનગર અને સાબરના પૂર્વ ચેરમેન સૌરભ રામાણી - રાજપુરકંપાનો પરિચય વિશેષે રીતે સર્વે સભ્યોને કરાવવામાં આવેલ.

બાદમાં યુવાસંઘના કેન્દ્રીય પ્રવક્તા શ્રી અશોક ભાવાણીએ યુવાસંઘના ઈતિહાસની ઝાંખી રજૂ કરેલ. મહામંત્રી ગૌતમ કેશરાણી અને પ્રકાશ માવાણીએ યુવાઓને પ્રેરણાદાયી પ્રવચન આપી યુવાસંઘ મિશન ૨૦૨૦ને તેની નિર્ધારીત સમય મર્યાદા કરતાં વહેલાં પૂર્ણ કરવાની અપીલ કરેલ.

અમેરિકન મકાઈની લિજ્જત માણતાં માણતાં જયંતિભાઈ લાકડાવાળા દ્વારા કાર્યશાળાનો હેતુ રજૂ કરતી તિથલ ખાતે યોજાયેલ યુવા સંઘની પ્રથમ કાર્યશાળાની કિલપિંગ માણી હતી.

હેલ્થ મિશનના મહારથી ડૉ. અનિલ ચૌહાણ - તલોદ, ડૉ. જીતેન્દ્ર ભાવાણી - તલોદ અને ડૉ. હરીભાઈ છાભૈયા - મોડાસાની ત્રિપુટી દ્વારા અનોખા હાસ્ય દરબારની રંગત જામાવી હતી. સર્વેએ ખીલખીલાટ હાસ્યની છોળો વડે સમગ્ર વાતાવરણને હળવું ફૂલ બનાવી હાસ્ય સેતુ વડે ભાતૃબંધમાં બાંધી દીધા હતા.

<u>તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૨, રવિવાર</u>

બરાબર ૭-૦૦ના ટકોરે બધાજ યુવામિત્રો સાબર રીજીયનના ખાસ ડ્રેસ કોડ સફેદ શર્ટ અને બ્લયુ જીન્સમાં સજ્જ થઈ વૈદિક યજ્ઞશાળામાં જોડાઈ ધર્મલાભ મેળવેલ. સવારના શિરામણ ૮-૩૦ કલાકે કાર્યશાળાના દ્વિતિય સેશનનો પ્રારંભ કરવામાં આવેલ. દરેક સભ્યોની બેઠક વ્યવસ્થા વિવિધ સમિતિ પ્રમાણે કરવામાં આવેલ વિધ્વાન આચાર્યશ્રી જ્ઞાનેશ્વરાર્યની હાજરીમાં કાઉન્સીલ પ્રમુખશ્રી અમૃત નાકરાણીના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરી અને પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. ડૉ. વસંત ધોળુએ શાબ્દીક સ્વાગત કરી સૌને આવકાર્ય હતા.

આચાર્યશ્રી જ્ઞાનેશ્વરાર્યજીએ "આડંબરને ઉથલાવે તે યુવાન" વિષય પર ૩૦ મિનિટનું પ્રેરક પ્રવચન આપી. સૌમાં એક નવીન ચેતનાનો સંચાર કરી મંત્ર મુગ્ધ કરી દીધેલ. આચાર્યજીએ યુવાસંઘની સામાજીક અને આધ્યાત્મિક સમિતિ દ્વારા દરેક ડિવિઝનમાં એક-એક પ્રેરક પ્રવચનનો કાર્યક્રમ આપવાની વિનંતીનો સહર્ષ સ્વીકાર કરેલ.

તૃતિય સેશનનના પ્રારંભે ચેરમેન ડૉ. વસંત ધોળુ દ્વારા યુવાસંઘના ત્રિસ્તરીય માળખાની માહિતી હાઈટેક સ્લાઈડ શો દ્વારા રજૂ કરેલ. દરેક યુવા મંડળો એ યુવાસંઘનો પાયો છે, તેથી તમામ કાર્યક્રમોની વિગતો સાબર રીજીયનના ૨૦૦ ઉપરાંત યુવા મંડળો સુધી પહોચે તે પ્રકારની સુચારૂ વ્યવસ્થા રીજીયન તરફથી ગોઠવવાનો નિર્ધાર કરેલ. એજ પ્રણાલીમાં યુવાસંઘની વિવિધ થીમો (જેવી કે યુવા સુરક્ષા કવચ, વેબકોમ, એજ્યુકેશન એન્ડ ટેલેન્ટ હન્ટ, યુવા ઉત્કર્ષ, રમતગમત, એગ્રીકલ્ચર, સામાજીક અને આધ્યાત્મિક..... વગેરે)ની વિગતે સમજૂતી તથા તેના જવાબદાર લીડરોને કાર્ય સોંપણી સાબર રીજીયનના ઉત્સાહી ઉપપ્રમુખશ્રી ભરત સુરાણી - ઈશ્વરપુરાકંપા દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ "આજ પ્રણાલી-આજ રસ્તો" વિષય પર કાર્યશાળા આયોજનના જનક અને યુવાસંઘનું માળખાકીય મોડેલ આપનાર પ્રમુખ જયંતિ લાડકવાયા - નરોડા દ્વારા સ્તુત્ય સમજૂતી પ્રાપ્ત થયેલ.

બાદમાં સર્વે સમિતિ સભ્યો પોતે પોતાને ફાળવેલ ટેબલ પર બે વર્ષના કાર્યક્રમોની ડીઝાઈન, સમયગાળો અને તેનું સ્વરૂપ નક્કી કરવાના મિશનમાં લાગી ગયા હતા અને વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી, અનુભવીઓની સલાહ સૂચન લઈ બે વર્ષ દરમ્યાન પોતાની સમિતિ દ્વારા યોજનાર કાર્યક્રમોનું કેલેન્ડર બનાવેલ. સાબર રીજીયને શાળા-કોલેજમાં ભણતા સનાતની વિદ્યાર્થીઓની સમિતિ " વિદ્યાર્થી મહાસંઘ"ને વિશેષરૂપે સમાવી તેના દ્વારા યોજનાર કાર્યક્રમોની ડિઝાઈન પણ તૈયાર કરવામાં આવેલ. આગામી જાન્યુઆરી માસના પ્રથમ રવિવારના રોજ ૩૦૦૦ ઉપરાંત સનાતની વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન યોજવાનું નક્કી કરવામાં આવેલ.

સાથે-સાથે સાબર રીજીયનમાં આવેલ નવ વિભાગીય સમાજના પ્રમુખશ્રીઓ, મંત્રીઓ, ધનસુરા સનાતન સમાજના પદાધિકારીઓ તથા કેન્દ્રીય સમાજના ઉત્તર સાબરકાંઠા અને દક્ષિણ સાબરકાંઠા ઝોન સમાજના પદાધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી સમાજ વિકાસના કાર્યોમાં વડીલો સાથે યુવાઓની ભૂમિકા અંગેની ગાઈડ લાઈન નક્કી કરવામાં આવેલ તથા સમાજીક દરેક કાર્યમાં પછી તે મુશ્કેલ હોય કે સરળ હોય તેમાં યુવાઓ ચટ્ટાનની જેમ તેમની સાથે જ છે, અને સનાતની રાહમાં નડતર રૂપ તમામ નાની-મોટી મુશ્કેલીઓનો સામનો કરવામાં વડીલો સાથે રહેવાનો નિર્ધાર આ યુવા કાર્યશાળામાં કરવામાં આવેલ.

કાર્યશાળામાં યુવાનો સાથે સાથે ધનસુરા સમાજના નવનિયુક્ત પ્રમુખશ્રી અમૃતભાઈ રામાણી - રાજપુરકંપા, ઉપપ્રમુખશ્રી ડાહ્યાભાઈ લીંબાણી - દોલપુરકંપા, દહેગામ સમાજના પ્રમુખશ્રી મગનભાઈ છાભૈયા રખીયાલ, મંત્રીશ્રી સોમજીભાઈ ભાવાણી, શ્રી રવજીભાઈ રામજીયાણી - ફુલપુરાકંપા, હિંમતનગર શહેર સનાતન સમાજના પ્રમુખશ્રી હંસરાજભાઈ સાંખલા, શ્રી મોહનભાઈ દડગા, તુલસીભાઈ સુરાણી, પ્રવિણભાઈ વેલાણી - બાયડ, ધનસુરા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી વિલાસબેન તથા કમળાબેન અને ડૉ. અમૃતભાઈ ધોળુ, ડૉ. સી.ડી. છાભૈયા, ડૉ.હરીભાઈ છાભૈયા, ડૉ. ગોવિંદભાઈ રંગાણી અને ડૉ. કૌશિક સેંઘાણી, ડૉ. શાન્તીભાઈ છાભૈયા, ડૉ. જગદીશભાઈ ધોળુ તથા ડૉ. અનીલ ચૌહાણ અને ડૉ. જીતેન્દ્ર ભાવાણી અને પૂર્વ લાયન્સ ગર્વનર શ્રી દેવજીભાઈ ભાવાણી - અમદાવાદ વિશેષ ઉપસ્થિત રહેલ.

ચતુર્થ સેશનમાં સામાજિક ચર્ચા અને બે વર્ષના કાર્ય કેલેન્ડરની તૈયારી બાદ બેઠક વ્યવસ્થાને ડિવિઝન પ્રમાણે ફેરફાર કરવામાં આવેલ. ડૉ. હરીભાઈ છાભૈયાએ "સામાજીક માળખામાં હું કયાં અને શું કામ, આનાથી મને શું મળે " વિષય પર પ્રેરણાદાયી વકતવ્ય આપેલ. સાબર રીજીયન જેમાં સમાવિષ્ઠ છે તેવા યુવાસંઘના ગ્રીનલેન્ડ કાઉન્સીલના તરવરીયા પ્રમુખશ્રી અમૃત નાકરાણી મિશન-૨૦૨૦ની જાણકારી આપેલ. બિઝનેશ લીડર દેવજીભાઈ ભાવાણીએ બિઝનેશ અને એજ્યુકેશનના માળખામાં સમાજ વિકાસની વાત કરી તેમને


સંપૂર્ણ સહકારની ખાત્રી આપેલ.

કચ્છ રીજીયનના પ્રમુખશ્રી પ્રવીણ ધોળુ - નાગલપર, મહામંત્રી જયંતિ પારસીયા, બાબુ કેશરાણી તથા મિત્રો અને મહાત્મા ગાંધી રીજીયનમાંથી મહામંત્રીશ્રી વિપુલ પોકાર, મધુસુદન લીંબાણી, કમલેશ પટેલ તેમજ ઉત્તર ગુજરાત રીજીયનના પ્રમુખશ્રી દિનેશ ઘોઘારી - ગાંધીનગર ઉપસ્થિત રહી પ્રેરક પ્રવચન આપેલ. બાદમાં સૌએ સમૂહ ભોજન લીધેલ.


પાંચમાં સેશનમાં દરેક સમિતિ લીડરોએ બે વર્ષ દરમ્યાન સાબર રીજીયનમાં તેમની સમિતિ દ્વારા નિરર્ધારીત કરેલ કાર્યક્રમોનું કેલેન્ડર રજૂ કરેલ. શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરાના પ્રમુખશ્રી અમૃતભાઈ રામાણી અને ઉપપ્રમુખશ્રી ડાહ્યાભાઈ લીંબાણીનું સાબર રિજીયન વતી શાલ ઓઢાડી, સ્મૃતિભેટ આપી સન્માન કરવામાં આવેલ. શ્રી અમૃતભાઈ તથા આર.એલ. પટેલ સાહેબ અને બાયડ સમાજના પ્રવિણ વેલાણીએ પ્રેરક પ્રવચન આપેલ અને કાર્યશાળાના આયોજન માટે અભિનંદન આપેલ.

સમગ્ર કાર્યશાળામાં યુવાસંઘની પ્રણાલી મુજબ કયાંય સમયચૂક ના થાય તેનુ સંપૂર્ણ ધ્યાન રાખી પરફેક્ટ પ્લાનીંગ મુજબ તથા ટેકનોલોજીનો ઉપયોગ, ડ્રેસ કોડ, આઈકાર્ડ, કીટ, બેઠક વ્યવસ્થા વગેરે બાબતોની સર્વેએ આગવી નોંધ લીધી હતી.

અંતમાં, રીજીયન ચેરમેન ડૉ. વસંત ધોળુએ આગામી સમયમાં યોજાનાર કાર્યક્રમો જેવા કે, સરસ્વતી સન્માન, બિઝનેશ ટૂર, એગ્રીકલ્ચર ફેર, ગૃહિણી શિબિર, સનાતની જાગૃતિના તથા રમત-ગમતના કાર્યક્રમોની વિસ્તૃત માહિતી આપેલ. સર્વેનો આભાર ઉપપ્રમુખશ્રી ભરત સુરાણીએ વ્યક્ત કરેલ અને એકબીજાના હાથમાં હાથ પરોવી યુવાસંઘ વિશ્વાસ સાંકળ રચી સનાતની સપથ લઈ રાષ્ટ્રગાન ગાઈ અગાઉથી નિર્ધારીત કર્યા પ્રમાણે બરાબર ૪-૩૦ કલાકે કાર્યક્રમ પૂર્ણ કરેલ અને સનાતની સંભારણા લઈ સૌ છુટા પડેલ.













હિંમતનગર



મોડાસા



સવાદકંપા-કપડવંજ



ટીંબાકંપા - તલોદ

શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ - સાબર રીજીયન દ્વારા

સામાજીક સંપર્ક યાત્રા અને કાર્ય ઝાંખી

સાબર રીજીયનના નવનિયુક્ત પ્રમુખશ્રી ડૉ. વસંત ધોળુ તથા મહામંત્રી જીતેન્દ્ર દિવાણીના માર્ગદર્શન હેઠળ રિજીયનનાં નવ વિભાગોમાં યુવાસંઘના કાર્યકર્તાઓ તથા દરેક યુવક મંડળના પ્રમુખ-મંત્રી અને સક્રિય સભ્યો સાથે સંપર્ક યાત્રાના માધ્યમથી યુવાસંઘના કાર્યોને વેગ આપવાનો એક અનોખો પ્રયાસ કરેલ.

દરેક ડિવિઝનલ મીટની શરૂઆત મા ઉમિયાની પ્રાર્થનાથી અને ભગવાનશ્રી લક્ષ્મીનારાયણના સનાતની જયઘોષ સાથે કરવામાં આવેલ. સર્વે સભ્યોનો તેમજ હોદ્દેદારોનો પરિચય મેળવી મહામંત્રીશ્રી જીતેન્દ્ર દિવાણીએ સૌને આવકારી સભાની શરૂઆત કરાવેલ. ત્યારબાદ દહેગામ ખાતે યોજાયેલ સાબર રિજીયન દ્વિ-વાર્ષિક સામાન્ય સભા, નખત્રાણા ખાતે યોજાયેલ શ્રી અખિલ ભારતીય સમાજની સામાન્ય સભા અને કેન્દ્રીય યુવાસંઘની સામાન્ય સભાનો વિસ્તૃત અહેવાલ રીજીયનના ઉપપ્રમુખશ્રી મહેન્દ્ર /ભરત સુરાણીએ વિગતે રજૂ કરેલ. ચેરમેનશ્રી ડૉ. વસંત ધોળુએ યુવાસંઘની સ્થાપનાથી લઈ હાલ સુધીનો ઈતિહાસ અને તીથલ તથા ઈગતપુરી (નાસીક) ખાતે મળેલ કાર્યશાળાની માહિતી રજૂ કરેલ. હાલમાં યુવાસંઘ દ્વારા સમાજ વિકાસ માટે નિર્મિત ૧૩ થીમ જેવી કે, બિઝનેશ સેલ, વેબકોમ(વસ્તી ગણતરી), યુવા સુરક્ષા કવચ, એજ્યુકેશન એન્ડ ટેલન્ટ હન્ટ, હેલ્થ અને ડીઝાસ્ટર, સામાજિક અને આધ્યાત્મિક, યુવા ઉત્કર્ષ, રમત-ગમત, રાજકીય, ફંડ, એગ્રીકલ્ચર એન્ડ એન્વાયર્મેન્ટ, પ્રચાર-પ્રસાર તથા વિદ્યાર્થી મહાસંઘ વિશે વિગતે કાર્યકર્તાઓને સંપૂર્ણ સમજૂતી આપેલ.

વધુમાં ચેરમેનશ્રી ડૉ. વસંત ધોળુએ યુવાસંઘનું ત્રિસ્તરીય માળખુ શું છે અને તેમાં યુવા મંડળની સામેલગીરીની ઝીણવટભરી માહિતી આપેલ. સાથે સાથે હાલમાં કેન્દ્રીય યુવાસંઘ દ્વારા અગ્રતાના ધોરણે હાથ ધરેલ 'અસર વર્ષ'ના કાર્યોમાં સૌ સનાતની જ્ઞાતિજનોને જોડવા માટે દરેકનો સહયોગ માગ્યો હતો. યુવાસંઘના મિશન-૨૦૨૦ અંતર્ગત આવનાર સમયમાં રમત-ગમત સમિતિ દ્વારા બાળકોને ઓલમ્પિક ગેમ, ઈન્ડોર અને આઉટડોર ગેમ, ક્રિકેટમાં રણજી ટ્રોફી અને ભારતીય ટીમમાં સ્થાન મેળવવા માટે તૈયાર કરવા માટે અંડર-૧૪, અંડર-૧૬, અંડર-૧૯ના ખેલાડીઓને વધુ પ્રોત્સાહન આપવા પર ભાર મૂકયો હતો. કૃષિ અને પર્યાવરણ સમિતિ દ્વારા એગ્રીકલ્ચર ફેર તેમજ ઈઝરાઈલ, જર્મની,ચીન વગેરે જેવા વિદેશ પ્રવાસોમાં યુવાનોને સામેલ કરી ખેતીને આધુનિક બિઝનશનું સ્વરૂપ આપવાનો પ્રયાસ કરવા

નિર્ધાર કરેલ. બિઝનેસ સેલ દ્વારા ભારતભરના બિઝનેસ સંલગ્ન ટેલિફોન નંબર દર્શાવતી યલોપેજીસની પ્રસિદ્ધિમાં સામેલગીરી અને નાના ઉદ્યોગગૃહોનો પ્રવાસ કરી સંયુક્ત સાહસ દ્વારા ઉદ્યોગ સાહસિકતાને વિકસાવવી અને બિઝનશ એટીટ્યુડ દરેક યુવાનમાં આવે તે માટે બિઝનેશ સેમિનારનું આયોજન. યુવા ઉત્કર્ષ સમિતિ દ્વારા ગૃહિણી તાલિમ શિબિર, મોટીવેશનલ કાર્યક્રમો, નિબંધ, ક્વિઝ, રંગોળી, વકતૃત્વ સ્પર્ધાના આયોજનો. એજ્યુકેશન કમિટિ દ્વારા વિદ્યાર્થીઓની યુ.પી.એસ.સી. / જી.પી.એસ.સી. પરીક્ષાઓમાં સામેલગીરી, સરસ્વતી સન્માન, અંધશ્રદ્ધા નિવારણ જેવા કાર્યક્રમોનું આયોજન. યુવા સુરક્ષા કવચ સમિતિ દ્વારા ૧૮ થી ૫૫ વર્ષ સુધીના તમામ યુવક-યુવતિઓને સુરક્ષિત કરી સનાતની સંવેદના પ્રગટાવી ભાતૃપ્રેમ દ્વારા તેમના મૃત્યુ સમયે સહયોગી ભૂમિકા અદા કરવા સર્વેને આ સમિતિમાં જોડવા નિર્ધાર કર્યો. વેબકોમ સમિતિ દ્વારા વિશ્વભરના સનાતની સભ્યોને એક તાંતણે સાંકળવા તેમના પરિવારનું વસ્તીપત્રકમાં રજીસ્ટ્રેશન કરી ફેમિલી આઈડી મેળવી લગ્ન સંબંધી તેમજ કોઈપણ પ્રકારની માહિતી મેળવવા માટે એક સંપર્ક સેતુનું નિર્માણ કરવાના અભિયાનમાં સર્વે જ્ઞાતિજનો સાથે નાતો જોડવાનો પ્રયાસ કરવો. આગામી વર્ષ દરમ્યાન કયા પ્રકારના કાર્યક્રમો યોજવા તે અંગે સૌ સભ્યોના મુક્ત મંતવ્યો મેળવી કાર્યોને સફળ બનાવવા સૌને સામેલ થવા આગ્રહ ભરી હાકલ કરેલ.

ડિવિઝનલ મીટ હિંમતનગર :

આ સંપર્ક યાત્રાની શરૂઆત સાબર રિજીયનના હિંમતનગર ડિવિઝન (વિભાગ)થી કરવામાં આવી. તા. ૦૫-૮-૨૦૧૨ના રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે શ્રી ક.ક.પા. સનાતન સમાજવાડી - હિંમતનગર મુકામે ડિવિઝનલ ચેરમેન દિલીપ ધોળુ અને મંત્રી મહેન્દ્ર સુરાણી - ગાંધીપુરાકંપા તથા દરેક યુવા મંડળના પ્રમુખ/મંત્રી અને સક્રીય સભ્યો મળી અને આ વિભાગના ૯૦ કાર્યકર્તાઓની યુવાસંઘ સાબર રીજીયનના પદાધિકારીઓ ચેરમેનશ્રી ડૉ.વસંત ધોળુ, ઉપપ્રમુખ મહેન્દ્ર સુરાણી, મહામંત્રી જીતેન્દ્ર દિવાણી, ખજાનચી રસીક માવાણી સાથે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. આ સભામાં તલોદ ડિવિઝનના પ્રમુખ રાજુ રૂષાત, દહેગામ ડિવિઝનના પ્રમુખ ભરત છાભૈયા, ઈડર ડિવિઝનના પ્રમુખ ધીમંતભાઈ તથા તેમની ટીમ, કેન્દ્રીય એજ્યુકેશન સમિતિ લીડર કિરીટ પોકાર, મંત્રી હર્ષદભાઈ ભાવાણી તથા મોડાસા ડિવિઝન મંત્રી ધર્મેન્દ્ર સેંઘાણી, હેલ્થ સમિતિના ડૉ. સી.ડી. પટેલ તથા પાટીદાર સંદેશના પ્રતિનિધિ શ્રી નટવર પટેલ - રૂપાલકંપા પણ ઉપસ્થિત રહી પ્રેરક માર્ગદર્શન આપેલ. અંતમાં, સૌએ યુવાસંઘના મિશન-૨૦૨૦ને પૂર્ણ કરવાના સનાતની સપથ લઈ વિખૂટા પડેલ.

ડિવિઝનલ મીટ મોડાસા-માલપુર-મેઘરજ :

તા. ૦૫-૦૮-૨૦૧૨ રવિવાર બપોરે ૩:૩૦ કલાકે ઉમિયા ચોક, મોડાસા ખાતે વિભાગના ડિવિઝનલ ચેરમેન સુનિલ દિવાણી

અને મંત્રી ધર્મેન્દ્ર સેંઘાણી તથા ડિવિઝનના હોદ્દેદારો, સર્વે પદાધિકારીઓ અને મોડાસા સનાતન સમાજના વડીલો, દરેક યુવામંડળોના પ્રમુખો તથા સક્રીય સભ્યો એમ ૨૫૦ જેટલા કાર્યકર્તાઓની યુવાસંઘ સાબર રીજીયનના પદાધિકારીઓ ચેરમેન ડૉ. વસંત ધોળુ, પૂર્વ ચેરમેન સૌરભ રામાણી, ઉપપ્રમુખ મહેન્દ્ર સુરાણી, મહામંત્રી જીતેન્દ્ર દિવાણી, ખજાનચી રસીક માવાણી સાથે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. આ સભામાં કેન્દ્રિય કારોબારી સભ્ય રાજુ સુરાણી, ધનસુરા ડિવિઝનના ચેરમેન જીતેશ લીંબાણી અને તેમની ટીમ દહેગામ ડિવિઝનના ચેરમેન ભરત છાભૈયા, સનાતની યુવાનો માટે પ્રેરણાદાયી ડૉ. હરીભાઈ પટેલ, મોડાસા વિભાગીય સમાજના મગનભાઈ દિવાણી, દક્ષિણ સાબરકાંઠા ઝોન પ્રમુખ પૂનમભાઈ ધોળુ પણ ઉપસ્થિત રહી પ્રેરક માર્ગદર્શન આપેલ.

ડિવિઝનલ મીટ તલોદ-પ્રાંતિજ :

તા. ૦૫-૦૮-૨૦૧૨ રવિવાર રાત્રે ૮-૩૦ કલાકે સંતશ્રી ખેતાબાપા સંસ્થાન, ટીંબાકંપા ખાતે ડિવિઝન ચેરમેન રાજુ રૂપાત અને મંત્રી જગદીશ પોકાર તથા ડિવિઝનના હોદ્દેદારો તથા દરેક યુવા મંડળના પ્રમુખ/મંત્રી અને સક્રીય સભ્યો તથા આ વિભાગના ૧૫૫ કાર્યકર્તાઓની યુવાસંઘ સાબર રીજીયનના પદાધિકારીઓ સાથે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. આ વિભાગના નર્મદા સરોવર પ્રવાસ દરમ્યાન થયેલ અકસ્માત સમયે હાલોલ યુવાસંઘના સભ્યોની ઉત્કૃષ્ઠ કામગીરીની ખાસ નોંધ લઈ આભાર વ્યક્ત કરવામાં આવેલ.

ડિવિઝનલ મીટ દહેગામઃ

તા. ૦૬-૦૮-૨૦૧૨ સોમવાર રાત્રે ૮-૩૦ કલાકે ઓધવભવન, સનાતન સમાજવાડી દહેગામ ખાતે ડિવિઝન ચેરમેન ભરત છાભૈયા અને મંત્રી નિલેષ ભાવાણી તથા ડિવિઝનના હોદ્દેદારો અને દરેક યુવામંડળના પ્રમુખ/મંત્રી અને સક્રીય સભ્યો અને આ વિભાગના ૪૫ કાર્યકર્તાઓની યુવાસંઘ સાબર રીજીયનના પદાધિકારીઓ સાથે દહેગામ યુવાપાંખના પ્રમુખ વિનુભાઈ દિવાણી અને કેન્દ્રિય કારોબારી સભ્ય અરવિંદભાઈ નાકરાણીની ઉપસ્થિતિમાં મિટીંગનું આયોજન કરવામાં આવ્યું.

ડિવિઝનલ મીટ કપડવંજ :

તા. ૧૮-૦૮-૨૦૧૨ , શનિવાર બપોરે ૧:૩૦ કલાકે મગનપુરા (ઓધવાડ), ૫-૦૦ કલાકે ગોટાડીલાટ તથા રાત્રે ૯-૦૦ કલાકે થવાદલાટ ખાતે ડિવિઝન ચેરમેન આશિષ લીંબાણી અને મંત્રી અનિલ માકાણી તથા ડિવિઝનના હોદ્દેદારો તથા દરેક યુવામંડળના પ્રમુખ/મંત્રી અને સક્રીય સભ્યો મળી આ વિભાગના ૧૩૦ કાર્યકર્તાઓની તબક્કાવાર યુવાસંઘ સાબર રીજીયનના પદાધિકારીઓ સાથે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું.

ડિવિઝનલ મીટ બાયડ-સાઠંબા-ડેમાઈ :

તા. ૧૯-૦૮-૨૦૧૨ રવિવાર સવારે ૮-૩૦ કલાકે માધવકંપા ખાતે ડિવિઝનલ ચેરમેન યોગેશ રામાણી અને મંત્રી ભાવેશ પટેલ તથા ડિવિઝનના હોદ્દેદારો અને દરેક યુવામંડળના પ્રમુખ/મંત્રી અને સક્રીય સભ્યો એમઆ વિભાગના ૮૦ કાર્યકર્તાઓની યુવાસંઘ



માધવકંપા-બાયડ



અમીરગઢ



ઈડર



ધનસુરા

સાબર રીજીયનના પદાધિકારીઓ સાથે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું.

ડિવિઝનલ મીટ ઈડર-વડાલી-ખેડબ્રહ્મા-ભિલોડા-વિજયનગર-તારંગા :

તા. ૧૯-૦૮-૨૦૧૨ રવિવાર બપોરે ૧-૩૦ કલાકે ઈડર ખાતે ડિવિઝન પ્રમુખ ધીમંત પોકાર , તુષાર રામાણી તથા ડિવિઝનના હોદ્દેદારો અને દરેક યુવામંડળના પ્રમુખ/મંત્રી અને સક્રીય સભ્યો એમ આ વિભાગના ૬૦ કાર્યકર્તાઓની યુવાસંઘ સાબર રીજીયનના પદાધિકારીઓ સાથે વિગતે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. આ વિભાગમાં બાકી રહેલા કાર્યોને સત્વરે પૂરા કરવાનું અનોખુ આયોજન કરવામાં આવ્યું.

ડિવિઝનલ મીટ અમીરગઢ(બનાસકાંઠા) :

તા. ૨૦-૦૮-૨૦૧૨ સોમવાર સવારે ૮-૩૦ કલાકે શિવમંદિર-ખૂણીયા ખાતે વિભાગના સર્વે પદાધિકારીઓ અને અમીરગઢ સનાતન સમાજના પ્રમુખ રણછોડભાઈ તથા કારોબારી સભ્યો અને વડીલો, મહિલા મંડળના પ્રમુખ અને સદસ્યો, બનાસ યુવામંડળના પ્રમુખ અને સક્રીય સભ્યો અને ડિવિઝન પ્રમુખ પ્રહલાદભાઈ લીંબાણી તથા મંત્રીશ્રી હિતેશ રૂડાણી,રીજીયન પ્રવક્તા અરવિંદ વેલાણી અને ડિવિઝનના હોદ્દેદારો એમ ૧૧૦ જેટલા કાર્યકર્તાઓની યુવાસંઘ સાબર રીજીયનના પદાધિકારીઓ ચેરમેન ડૉ. વસંત ધોળુ, પૂર્વચેરમેન સૌરભ રામાણી, ઉપપ્રમુખ મહેન્દ્ર સુરાણી, મહામંત્રી જીતેન્દ્ર દિવાણી સાથે મિટિંગનું આયોજન કરાવામાં આવ્યું. સર્વેએ આ પ્રકારની વિભાગીય મિટીંગના અભિગમને સરાહનીય ગણાવી કાર્યમાં સહકારની ખાત્રી આપી.

ડિવિઝનલ મીટ ધનસુરા :

તા. ૨૨-૦૮-૨૦૧૨ બુધવાર રાત્રે ૮-૩૦ કલાકે કે.કે.પી. સનાતન સમાજ છાત્રાલય સંકુલ, ધનસુરા ખાતે ડિવિઝન ચેરમેન જીતેશ લીંબાણી અને મંત્રી સતીષ ચોપડા તથા ડિવિઝનના હોદ્દેદારો અને દરેક યુવામંડળના પ્રમુખ/મંત્રી અને સક્રીય સભ્યો એમ આ વિભાગના ૪૦ કાર્યકર્તાઓની યુવાસંઘ સાબર રીજીયનના પદાધિકારીઓ સાથે કેન્દ્રીય પ્રવકતા અશોક ભાવાણીની ઉપસ્થિતિમાં ઉપરની વિગતે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું.



સાબર રીજીયન પ્રેરીત

સાંપડ-સાબરમતી કાંઠે સનાતની વિદ્યાર્થીઓની સ્નેહગાંઠ - ૨ યોજાઈ

શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ - સાબર રીજીયન દ્વારા તા. ૬ જાન્યુઆરી-૨૦૧૩ને રવિવારના રોજ મહાકાલી ધામ-સાંપડ (પ્રાંતિજ) ખાતે સાબરમતી નદીના કાંઠે ગુજરાતભરમાં કોલેજોમાં અભ્યાસ કરતા સનાતની વિદ્યાર્થીઓ માટે "સ્નેહગાંઠ" કાર્યક્રમનું વિદ્યાર્થી મહાસંઘ, યુવા ઉત્કર્ષ અને એજ્યુકેશન એન્ડ ટેલેન્ટ હન્ટ કમિટિ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ગુજરાતના સાબર, ઉત્તર ગુજરાત, મહાત્મા ગાંધી અને સરદાર પટેલ રીજીયનમાંથી લગભગ ૩૦૦૦ જેટલા સનાતની વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ હાજરી આપી ૫૪ જેટલા વિવિધ સ્ટેજ કાર્યક્રમો રજૂ કરી સનાતની એકતાના દર્શન કરાવ્યા હતા અને પરસ્પર સ્નેહગાંઠથી બંધાયા હતા.

આ કાર્યક્રમના ઉદઘાટક તરીકે સુરત સ્થિત યુવાનોના લાડીલા સતરાવાલા પરિવારના મોભી એવા શ્રી દામોદરભાઈ ભાવાણી (કચ્છી) ઉપસ્થિત રહ્યા હતા. તેમના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મૂકવામાં આવેલ. આ અનોખા કાર્યક્રમ માટે સાબર રીજીયનના તલોદ ડિવીઝનની બહેનો દ્વારા આકાશને આંબવાની ઉંચાઈ માટેના આસમાની તથા બલિદાન માટેના પીળા રંગની દોરી વડે ખાસ તૈયાર કરેલ "સ્નેહ ગાંઠ" દ્વારા આવેલ મહેમાનો સહિત કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેના જમણા હાથના કાંડા પર આ સ્નેહ રૂપી ગાંઠો વાળી દોરી વડે હિન્દુ ગૌરવ સમા સનાતની બંધનમાં બાંધી વિદ્યાર્થીઓ દ્વારા બધાને આવકારવામાં આવેલ. આ ફુલહાર કે પુષ્પ ગુચ્છ વિનાની અનોખી આવકારની રીત થી સર્વે એ સુખદ આશ્ચર્ય અનુભવ્યું હતું. શરૂઆતમાં વિદ્યાર્થી મહાસંઘના પ્રમુખ સુનિલ કાલરીયાએ સર્વેનું શાબ્દીક સ્વાગત કરેલ ત્યારબાદ સાબર રીજીયનના વાયબ્રન્ટ ચેરમેન ડૉ. વસંત ધોળુ દ્વારા "સ્નેહ ગાંઠ" કાર્યક્રમનો મર્મ સમજાવી તેના પ્રયોજન પાછળનો હેતુ રજૂ કરવામાં આવેલ. સાથે સાથે આ કાર્યક્રમમાં બેઠક વ્યવસ્થા, મંચ અને સમગ્ર સમિયાણાને વધુ પડતા ખર્ચ વિના આગવા આયોજનથી કોર્પોરેટ લેવલનો ટચ આપવા માટે અને ૩૦૦૦ જેટલી સનાતની વિદ્યાર્થી શક્તિને એકઠી કરવા બદલ ત્રણેય સમિતિના આયોજકોને અભિનંદન પાઠવેલ.

સ્નેહગાંઠમાં વિશેષ રૂપે શ્રી દામોદરભાઈની સાથે હંમેશા યુવાઓને પ્રોત્સાહિત કરનાર કેન્દ્રિય યુવાસંઘના પૂર્વ પ્રમુખ ગૌરાંગ ધનાણી (કડોદરા), શ્રી છગનભાઈ સાંખલા (અંકલેશ્વર-પૂર્વ પ્રમુખ

દક્ષિણ ગુજરાત ક.ક.પા. સમાજ) શ્રી ઝવેરભાઈ પટેલ, શ્રી જયંતિભાઈ પટેલ (સુરત), જીતેન્દ્રભાઈ સેંઘાણી (સુરત), ડૉ. વિનોદ રામાણી (બિલિમોરા), કિશોર પોકાર, વિનોદભાઈ અને કિશોર પટેલ (સુરત) યુવાસંઘના હોદ્દેદારો પૈકી અશોક ભાવાણી-ધનસુરા (પી.આર.ઓ.), પૂનમબેન ભગત-સુરત (સેક્રેટરી ગ્રીનલેન્ડ કાઉન્સીલ), દમયંતિબેન ભાવાણી, સુરત (મંત્રીશ્રી, કેન્દ્રીય યુવાસંઘ), નર્મદાબેન સેંઘાણી, સુરત (કન્વીનર, યુવા ઉત્કર્ષ સમિતિ), ધીરજ ડાયાણી, સુરેન્દ્રનગર (કન્વીનર, બિઝનેશ સેલ) કિરીટ પોકાર - તલોદ (કન્વીનર, એજ્યુકેશન એન્ડ ટેલેન્ટ હન્ટ કમિટિ), હિંમત વાઘડીયા-વડોદરા (પી.ડી.ઓ.-હેલ્થ એન્ડ ડીઝાસ્ટર), ડૉ. વિઠ્ઠલ ભાવાણી (ચેરમેન, ઓસેન કાઉન્સીલ), પ્રવિણભાઈ ધોળુ (ચેરમેન-કચ્છ રીજીયન), શૈલેષ પોકાર તથા વસંત પટેલ (નખત્રાણા), તથા દિનેશ ઘોઘારી - ગાંધીનગર, (ચેરમેન, ઉત્તર ગુજરાત રીજીયન), શાંતિલાલ ઘોઘારી (ગાંધીનગર), દિનેશ પટેલ (કલોલ), ભગવાનદાસ રવાણી- અમદાવાદ (ચેરમેન, મહાત્મા ગાંધી રીજીયન), વિપુલ પોકાર - અમદાવાદ-મંત્રી ડૉ. વિપુલ છાભૈયા-નરોડા, પરસોત્તમભાઈ સાંખલા - અંકલેશ્વર, (ચેરમેન, સરદાર પટેલ રીજીયન), તથા ડૉ. સી.એન.પટેલ -પ્રિન્સીપાલ (સાર્વજનીક ફાર્મસી કૉલેજ, મહેસાણા) શ્રી ડી.એન. પટેલ, (ડે.ડી.ડી.ઓ. ગોધરા), પ્રો. ડૉ. એમ.કે. પટેલ- મોડાસા, ધનસુરા સનાતન સમાજવતી નંદુભાઈ ભાવાણી, પ્રહલાદભાઈ સુરાણી, ભરતભાઈ વેલાણી (મંત્રીશ્રી), ઘનશ્યામભાઈ પટેલ, ચંદુભાઈ ભાવાણી (આણંદ), તલોદથી ડૉ. અનિલ ચૌહાણ અને ડૉ. જીતેન્દ્ર ભાવાણી, હિંમતનગરથી ડૉ. સી.ડી. પટેલ અને ડૉ. ચિમનભાઈ સુરાણી અને ઉમેશ પટેલ (સેકશન ઓફીસર), મોડાસાથી રોહીતભાઈ છાભૈયા અને રાજુ સુરાણીની ટીમે ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

કાર્યક્રમના ઝબકારા

શરૂઆતમાં તલોદ વિદ્યાર્થી સંઘની બહેનોએ સ્વાગત ગીત રજૂ કરેલ. ત્યારબાદ હેતલ પોકાર (સુરત) દ્વારા ભરત નાટયમ્ સ્વરૂપે રજૂ કરેલ ગણેશ વંદના, સરસ્વતી વંદનાના કાર્યક્રમે સર્વેને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. તેણીના માતા પિતાનું દીકરીને પ્રોત્સાહન આપવા બદલ બહુમાન કરવામાં આવેલ. સાબર રીજીયનની યુવા ઉત્કર્ષ સમિતિના કન્વીનર સુચિતા લીંબાણી તથા શિલ્પા ધોળુ અને અલકા દિવાણી તેમજ વિદ્યાર્થી ટીમ દ્વારા રજૂ થયેલ. **"બેટી વધાવો તથા દામીની"** કાર્યક્રમે સર્વેને ચોધાર આંસુએ રડાવી દીધેલ, બાદમાં દિલ્હી ગેંગ રેપનો ભોગ બનેલ દિકરીના માનમાં બે મિનિટનું મૌન પાળી કાર્યક્રમ આગળ ધપાવેલ. ગાંધીનગર વિદ્યાર્થી સંઘ દ્વારા માઈમ સ્વરૂપે "દામીની" રજૂ કરવામાં આવેલ અને તેના ૧૭ વર્ષીય દિગ્દર્શક હર્ષ ઘોઘારીનું બહુમાન કરવામાં આવેલ. ચૈતાલી પટેલ સુરત દ્વારા યોગા-પ્રાણાયામની અદ્દભૂત રજૂઆતે સર્વેમાં નવી ચેતનાનો સંચાર કરી અચંબામાં નાંખી દીધેલ. સર્વેએ તેણીને પૂના ખાતેની રાષ્ટ્રીય લેવલની પ્રતિયોગીતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને જો ચૈતાલી ત્યાં









વિજેતા બને તો તેના માટે આલમ્પિકના દ્વાર ખુલે તેમ હોઈ સૌએ તેણીને સ્થાન મળે તે માટે ભગવાનને પ્રાર્થના કરેલ. આ કાર્યક્રમમાં હિંમતનગર, તલોદ, મોડાસા, ગાંધીનગર, અમદાવાદ, રાજેન્દ્રનગર, ધનસુરા, બાયડ, દહેગામ, માલપુર, અમીરગઢ, માણસા, કચ્છ, સીંગરવા, વિદ્યાનગર, કલોલ, પાટણ, આણંદ, કપડવંજ, સુરત, બિલિમોરા, અંકલેશ્વર, બારડોલી, વડોદરા અને ડાકોર કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ સાંસ્કૃતિક- કાર્યક્રમો રજૂ કર્યા હતા.

ચાલુ સાલે ગુજરાત **'ગણિત ઓલમ્પિયાડ'**માં સમગ્ર રાજયમાં બીજો ક્રમ પ્રાપ્ત કરનાર ઉદય પટેલનું બહુમાન કરવામાં આવેલ. ગણિત વિષયને લગતા પ્રશ્નોના તેમને જવાબો આપેલ અને સૌ વિદ્યાર્થીઓને આ વિષય પ્રત્યે રૂચી કેળવવા અપીલ કરી હતી. હાલમાં જી.પી.એસ.સી.ની પરીક્ષા ઉર્તીણ કરી. સેકશન ઓફીસર તરીકે નિમણૂંક પામેલ ઉમેશ પટેલ (કેશરપુરા) તથા ડેપ્યુટી ડી.ડી.ઓ. દિલીપ છાભૈયા અને ડૉ. સી.એન.પટેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું. ગત વર્ષ ચૈનાઈ ખાતે કેન્દ્રીય યુવાસંઘ દ્વારા યોજાયેલ રાષ્ટ્રીય લેવલની ડી.એચ.એલ. ક્રિકેટની ચેમ્પીયન ટ્રોફીમાં વિજેતા બનેલ સરદાર પટેલ રીજીયનની ટીમનું બહુમાન કરવામાં આવેલ અને તે વખતે મેદાન પર સર્જાયેલ છેલ્લા દડે ચેમ્પીયન બનાવવાના દ્રશ્યોને ભગવાન રવાણી-અમદાવાદે તેમની આગવી અદામાં રનીંગ કોમેન્ટ્રી દ્વારા સાક્ષાત રજૂ કરેલ.

સાંસ્કૃતિક કાર્યક્રમના વચ્ચે વચ્ચે સાબર રીજીયનના ગત વર્ષના ઉચ્ચ શૈક્ષણિક પ્રતિભા ધરાવતા એસ.એસ.સી.થી માંડી વિવિધ વિદ્યા ક્ષેત્રોના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓનું સરસ્વતી સન્માન સર્ટીફીકેટ અને ટ્રોફી આપી કરવામાં આવેલ. ઉપરાંત વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર પ્રતિભાઓનું પણ સન્માન કરવામાં આવેલ.

ઉદ્દઘાટક શ્રી દામોદરભાઈ કચ્છી અને તેમની દક્ષિણ ગુજરાતની ટીમ દ્વારા સાબર રીજીયના આ કાર્યક્રમમાં ૧,૧૧,૧૧૧/- ની માતબર રકમનું યોગદાન જાહેર કરવામાં આવેલ તેને સૌએ વધાવેલ. તેમણે પોતાની આગવી શૈલીમાં પોતાના વિદ્યાર્થી કાળના સંસ્મરણોને યાદ કરીને સાબરના કાર્યકર્તાઓને સુંદર આયોજન માટે અભિનંદન આપેલ તથા સુરત ખાતે આવો કાર્યક્રમ યોજવા આમંત્રણ આપેલ.

સાબર રિજીયન વતી આ કાર્યક્રમમાં આર્થિક સહયોગ આપનાર સર્વે દાતાઓનું અભિવાદન કરવામાં આવેલ અને તેઓનો આભાર પ્રગટ કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થી પ્રતિનિધિ નિરલ ભાદાણી, જીનલ ડાયાણી, દર્શના નાકરાણી, હેતલ પટેલ અને વિશાખા ભાવાણીએ કરેલ જેમાં સુનિલ કાલરીયા અને ડૉ. વસંત ધોળુ, જીતેન્દ્ર દિવાણી અને ભરત સુરાણી તથા દિલીપ ધોળુએ સહયોગ અને માર્ગદર્શન આપેલ.

સમિયાણીમાં હાજર સભ્યોનો ડ્રો કરી <u>ત્રણ</u> ભાગ્યશાળી વિજેતાઓને <u>YSK</u> (યુવા સુરક્ષા કવચ) ભેટ આપવામાં આવેલ. <u>YSK</u>

શા માટે? અને તે શું છે? તેની વિગતે સમજૂતી ભાવવાહી શૈલીમાં ડૉ. વસંત ધોળુએ આપેલ.

આ કાર્યક્રમના સુંદર આયોજન માટે વિદ્યાર્થી મહાસંઘના સુનિલ કાલરીયા, વિશાલ ભાવાણી, ભાવિક પટેલ, રીતેષ ભોજાણી તથા સાબર રિજીયનના ભરત સુરાણી, જીતેન્દ્ર દિવાણી, સૌરભ રામાણી, જીતેશ લીંબાણી, સતીષ ચોપડા, સ્વસ્તિક માકાણી, ભાવેશ નાકરાણી, રાજુ રૂષાત, જગદીશ પોકાર, તુષાર રામાણી, નિલેષ સુરાણી અને સુભાષ ધોળુ તથા સર્વે કાર્યકર્તાઓએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

તલોદના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયેલ **આઝાદીના જંગમાં** પડેલ તકલીફો રજૂ કરતી કૃતિએ સૌમાં દેશદાઝની ભાવના જગાવેલ. અંતમાં મહામંત્રી જીતેન્દ્ર દિવાણીની આભાર વિધિ બાદ સૌ વિદ્યાર્થીઓ અને યુવાસંઘના પ્રતિનિધિઓએ એક કલાક સુધી રાસ-ગરબાની મોજમાણી હતી અને રાષ્ટ્રગાન ગાઈ સૌ સનાતનીઓ આવતા વર્ષના પ્રથમ રવિવાર એટલે કે ૫-જાન્યુઆરી-૨૦૧૪ના પાછા મળવાના વચન સાથે વિખૂટા પડયા હતા.







યુવાસંઘ - સાબર રીજીયન દ્વારા

અનોખા, અવિસ્મરણીય પંચામૃત કાર્યક્રમનું ભવ્ય આયોજન

શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ ના વાયબ્રન્ટ સાબર રીજીયન દ્વારા ૧૩ થી ૧૮ વર્ષના સનાતની બાળકો માટે તા. ૧ થી ૫ મે,૨૦૧૩ દરમ્યાન સ્કૂલ ફોર એક્સલન્સ, ગાંધીનગર ખાતે પંચામૃત કાર્યક્રમનું ભવ્ય આયોજન યુવા ઉત્કર્ષ અને એજ્યુકેશન & ટેલેન્ટ હંટ સમિતિ દ્વારા કરવામાં આવેલ. જેમાં સમગ્ર ભારતમાંથી સાબર, મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ઉત્તર ગુજરાત, કચ્છ, મધ્ય મહારાષ્ટ્ર, છત્રપતિ શિવાજી અને મુંબઈ એમ ૮ રીજીયનમાંથી ૨૧૫ બાળકો (૧૦૧ દીકરીઓ અને ૧૧૪ દીકરાઓ)એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

તા. ૧ મે, ૨૦૧૩, બુધવાર

સવારના ૮ થી ૧૦ સુધી રજીસ્ટ્રેશન કામગીરી બાદ પ્રિ. રતિભાઈ છાભૈયાના અધ્યક્ષ સ્થાને પંચામૃત ઉદ્‌ઘાટન સમારોહ યોજવામાં આવેલ. કન્વીનર સુચિતા લીંબાણી દ્વારા શાબ્દિક સ્વાગત બાદ ડૉ. વસંત ધોળુએ સર્વેને આવકારી આ શિબિરના આયોજન અને ઉપયોગીતા જણાવેલ. નીલેશ સુરાણીની ટીમ દ્વારા વૈજ્ઞાનિક રીતે અગ્નિ પ્રગટાવવામાં આવેલ જેના થકી ઉદ્‌ઘાટકશ્રી વિશ્વબંધુભાઈ પટેલ (મેનેજીંગ ટ્રસ્ટી, સ્કૂલ ફોર એકસલન્સ)ના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય અને સાબર રીજીયનના સનાતન પરમો ધર્મ રૂપી ચૈતન્ય-સ્ફૂર્તિ-ઉત્સાહ દર્શાવતા શ્વેત આસમાની ફલેગને શ્રી ડાહ્યાભાઈ પટેલ (પૂર્વ જીલ્લા શિક્ષણાધિકારી)ના વરદ હસ્તે લહેરાવવામાં આવેલ, અતિથી વિશેષ તરીકે શ્રી આશિષ ઠાકર (નાટ્ય લેખક) ઉપસ્થિત રહ્યા હતા. સર્વે મહેમાનોએ પ્રાસંગિક પ્રવચનો કરેલ અને શિબિરના આયોજન માટે સાબરની ટીમને અભિનંદન અને સફળતા માટે શુભેચ્છા પાઠવેલ. શ્રી ડાહ્યાભાઈ પટેલે પ્રતિ વર્ષ આજ સ્થળે પંચામૃત યોજવા વિનંતી કરેલ. ઉદ્‌ઘાટન સમારોહનું સંચાલન જીતેન્દ્ર દિવાણી, સુચીતા લીંબાણી, કિરીટ પોકાર અને હિતેશ ભીમાણી દ્વારા કરામાં આવેલ.

બપોરના ભોજન બાદ નાટ્ય અભિનય તાલીમની શરૂઆત પ્રા. આશિષ ઠાકર (નાટ્ય લેખક-વિસનગર) અને પ્રો.ડૉ.ડી. એસ. પબ્રેજા (નાટ્ય દિગ્દર્શક અને રસાયણ વિજ્ઞાનના અધ્યાપક, સાયન્સ કોલેજ-તલોદ) દ્વારા કરવામાં આવેલ.

તેઓએ વિદ્યાર્થીઓને ૧૪ ટીમોમાં વહેંચી દરેક ટીમને ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન, મન હોય તો માળવે જવાય, ખાલી દાણો વાગે ઘણો, શેઠની શિખામણ ઝાંપા સુધી,

જેવું કરો તેવું ભરો, ખાડો ખોદે તે પડે, પાણી પહેલા પાળ બાંધવી જેવી વિવિધ કહેવતો પર ગૃપ ડિસ્કશન કરી નાટ્ય કૃતિ રચવા માર્ગદર્શન આપેલ ૩૦ મીનીટમાંતો સર્વે ટીમોએ પોતાનું નાટક તૈયાર કરી દીધેલ અને સુંદર થીમ, જે હાજર હોય તે પ્રોપર્ટીનો ઉપયોગ, સર્વેની સામેલગીરી, સમય મર્યાદા, છટાદાર અભિનય દર્શાવતી કૃતિ વારાફરતી સ્ટેજ ઉપર રજુ કરી સર્વેને અચંબામાં નાખી દીધેલ. ૪૧ ડીગ્રી ગરમીમાં પણ થાક્યા વગર આ બાળકોનો આત્મ વિશ્વાસ વધવાની સાથે સાથે સ્ટેજની બીક દૂર થતી જોવા મળી.

સાંજના શેશનમાં ડૉ.પી.કે.મહેતા (પૂર્વ પ્રો.વાઈસ ચાન્સેલર, ઈગ્નુ-દિલ્હી) સાહેબ સાથે બાળકોએ શૈક્ષણિક પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવ્યું. મહેતા સાહેબ ફોરેન સ્કૂલ સીસ્ટમ અને ભારતીય સીસ્ટમ વિષે વિગતે બાલ શૈલીમાં પ્રેરક પ્રવચન આપેલ. વાર્તા શેશનમાં આર.એસ.એસ. કાર્યકર્તાઓ શ્રી મોહનભાઈ પટેલ (મોડાસા), ચીમનભાઈ લીંબાણી (હરસોલ) અને બળદેવભાઈ દેસાઈ (ધનસુરા) એ બાળકોને ત્રણ ગૃપમાં જુદુ જુદા લોન યુક્ત મેદાનમાં કુંડાળામાં બેસીને બોધ આપતી ભારતીય સૌર્યતા દર્શાવતી વાર્તાઓ કહેલ. અંધારૂં થવા છતાં વાર્તામાં મગ્ન બાળકો ઉભા થવા તૈયાર નહોતા જાણે કે હાલના સમયમાં તેમને પહેલીવાર વાર્તાઓ સાંભળવા મળી હોય તેમ લાગતું હતું.

રાત્રે પ્રો.બી.જી.કામદાર (ફીજીક્સ ડીપાર્ટમેન્ટ, સાયન્સ કોલેજ, તલોદ) દ્વારા ટેલીસ્કોપની મદદથી આકાશદર્શનનો કાર્યક્રમ યોજાયો. રોજ રાત્રે દૂરથી નિહાળતા તારોઓ, ગ્રહો અને નક્ષત્રોને નજીકથી જોવાનો તથા ઓળખવાનો મોકો મળ્યો. કામદાર સાહેબ સાથે પ્રશ્નોની ઝડી વરસાવી બાળકોએ પોતાના મનમાં ઉદભવતી ખગોળ વિદ્યાની મૂંજવણો દૂર કરી. બાદમાં પી.પી.ટી. સ્લાઈડ શો દ્વારા પૃથ્વી સહિતના બધા ગ્રહો અને તેની વિશેષ જાણકારી આપવામાં આવી. જે ખૂબ રસપ્રદ રહી અને કદાચ બાળકો માટેનો આ પ્રથમ અનુભવ રહ્યો.

તા. ૨ મે, ૨૦૧૩, ગુરૂવાર

સવારે ૬ વાગે બધા લીલાછમ વિશાલ મેદાનમાં મહેન્દ્રભાઈ સેંધાણી (કન્વીનર, હેલ્થ & ડીઝાસ્ટર સમિતિ-યુવાસંઘ) અને ચૈતાલી છાભૈયા (સુરત)ની આગેવાનીમાં યોગા અને એરોબીક્સ માટે હાજર થઈ ગયા. બંને એ હળવી કસરતો, આસનો, પ્રાણાયામ અને હાસ્ય દ્વારા દરેકમાં નવી સ્ફૂર્તિ ભરી દીધી.

પ્રથમ દિવસના અનુભવો સ્વ અક્ષરોમાં પોસ્ટ કાર્ડમાં લખીને પોતાના વાલીને પત્ર સ્વરૂપે મોકલ્યા. પીનકોડ નંબર શા માટે ? તે શું છે ? પોતાનું સરનામું, ભારતીય ટપાલ વ્યવસ્થા વગેરેની પ્રેક્ટીકલ જાણકારી જાણે પહેલીવાર મેળવતા હોય તેવું અમોને લાગ્યું. ટપાલ લખતા કરવાની તક અમો સાબર વાસીઓ ને સાંપડી તેનો આનંદ છે.

BSF માં જવા માટે બરાબર ૯-૦૦ વાગે સ્કૂલની બસોમાં બધા ગોઠવાઈ ગયા. ૧૦ વાગે BSF નાં મીટીંગ હોલમાં ગોઠવાઈ ગયા. ડે. કમાન્ડન્ટ કે. પ્રસાદ સરે BSF સ્થાપના, કાર્યો, લડાઈ, શસ્ત્રો અને મથકો, કચ્છ બોર્ડર અંગેની વિગતે જાણકારી સ્લાઈડ શો દ્વારા આપી. તેમની

સાથે બાળકોએ ખૂબ લાંબી પ્રશ્નોતરી કરી. પાકિસ્તાનના ભારત સાથેના સંબંધો તથા ઘુસણખોરી, આંતકવાદ, સૈનિકો પરના હુમલાઓ સામે ભારત સરકારની તથા BSF ની કામગીરી અંગેના પ્રશ્નો પૂછ્યા. BSF નો એક ગોળી-એક દુશ્મન ના રવૈયાને સૌએ તાળીઓથી વધાવી લીધેલ. તેમના જણાવ્યા પ્રમાણે ૧૯૬૫માં સ્થાપેલ BSF કેમ્પસમાં કોઈ સિવિલિયન ગૃપ આવ્યું હોય તેવો આ પ્રથમ બનાવ હતો બાળકોને આ મોકો આપવા માટેનો સઘળો શ્રેય શ્રી આર.એલ.પટેલ. સર અને ડૉ. વસંત ધોળુ અને તેમની ટીમને જાય છે. બાદમાં બાળકોએ મીલેટરીના જવાનો સાથે ચા-બિસ્કીટની મજા સાથે-સાથે ડીસીપ્લીનની જાણકારી મેળવેલ. આપણા બાળકોમાં ડીસીપ્લીનના ગુણો ખીલે તે અમારો હિડન એજન્ડા હતો. બાદમાં ડે. કમાન્ડન્ટ અનુપ શુકલા સર અને તેમની ટીમ દ્વારા વાપરવામાં આવતા શસ્ત્રોનું પ્રદર્શન/નિદર્શન ગોઠવેલ. પોતાના જીવનકાળમાં ક્યારેય હાથનો સ્પર્શ પણ કરેલના હોય કે નામ પણ જાણતા ન હોઈએ તેવા રિવોલ્વર, સ્ટેન મશીન ગન, ગ્રેનેડ લોન્ચર, ત્રવેરા રાઈફલ, બેરેટા રાઈફલ, પિસ્તોલમાં કઈ રીતે કાર્ટીઝ લોડ અને અનલોડ કરવા તથા નિશાન લઈ ટ્રીગર દબાવવાનો અને સિંગલ ફાયર તથા ફાયરનો ક્યારેય ના ભુલાય તેવો અનુભવ તમામ બાળકોએ અને હાજર રહેલા વાલી મિત્રોએ અઢી કલાક સુધી કર્યો. યુવાસંઘના ચેરમેનશ્રી માવજીભાઈ દિવાણી, ઉપપ્રમુખશ્રી પ્રકાશ માવાણી, મહા મંત્રી ગૌતમ કેશરાણી, મંત્રી દમયંતીબેન ભાવાણી, ગ્રીનલેન્ડ કાઉન્સીલ મંત્રી પૂનમ ભગત પણ BSF ખાતે સાથે જોડાઈને સર્વેનો ઉત્સાહ વધારેલ અને આ સ્વર્ણિમ ઘડીના સાક્ષી બન્યા હતા.

બપોરે બે વાગે કંથારપુર પાસે પાંચ વીઘામાં ફેલાયેલા ૧૦૦ થી વધુ વર્ષ જુના વડલા નીચે વન ભોજનની અને વડ ઉપર ચઢવાની બાળકોએ અને યુવાસંઘ કાર્યકર્તાઓએ અનેરી મજા માણી, હિંચકા ખાધા, ખૂબ ધીંગા મસ્તી કરી. મોટા ભાગના બાળકોનો ઝાડ પર ચઢવાનો પહેલો અનુભવ હતો. તેમના અંગે અંગમાં નવોજ તરવરાટ અને ઉંચે ચઢવાની હરીફાઈનો અહેસાસ જોવા મળ્યો. બાદમાં વડ નીચે બેસીને બાળ લોક વાર્તા સર્જક ડૉ. પ્રેમજી પટેલ (આર્ટસ કોમર્સ કોલેજ, તલોદ) એ ક્યારેય સાંભળી ના હોય તેવી તદ્દન નવી બાળ વાર્તાઓ વિદ્યાર્થીઓને સંભળાવી. અમો પંચામૃત આયોજકોને આશ્રમ પધ્ધતિ નું ઋષિ પરંપરા વાળું શિક્ષણ બાળકો મેળવી રહ્યા હોય તેવો ભાસ થયો. અન્ય સ્થળે જવા વડલાને જોરાઈથી છોડાવવો પડ્યો.

સાંજના ૪ કલાકે CRPF કેમ્પસમાં આવેલ NDRF (National Disasters Responce Force) માં પ્રવેશ્યા. શ્રી એસ.કે.રાણા સર (Commandant) ની ટીમે બાળકોને ભૂકંપ, પૂર, આગ, અકસ્માત, કુવા કે બોરમાં પડી જવું. કાટમાળ નીચે દબાઈ જવું વગેરે સમયે તેઓની કામગીરી અને વાપરવામાં આવતા સાધનોની પ્રેકટીકલી તાલીમ આપી અને સાથે સાથે આપણા ઘરમાં રહેલ વેસ્ટ વસ્તુઓનો આવા સમયે કઈ રીતે ઉપયોગ કરી




ASKKP YUVASANGH



















શકાય તેની પણ માહિતી આપી. ત્યારબાદ આતુરતા પૂર્વક જેની રાહ જોતા હતા તેવો ડોગ શો જોવા બધા ગોઠવાઈ ગયા. એક ડોગ સાથે એક ટ્રેઈનર જવાન સાથેની ટીમ ડેમોસ્ટ્રેસન માટે આવી. તેઓ કમાન્ડ આપતા ગયા અને ડોગ તે પ્રમાણે વર્તતા ગયા, બધાને સેલ્યુટ કરવી, સંતાડેલી વસ્તુ શોધવી, છુપેલા ગુનેગારને શોધવા, અજાણી વ્યક્તિએ આપેલ વસ્તુ ના ખાવી.

ખૂબ સાંકડી જગ્યામાં થઈને અંદર પ્રવેશ લેવો, સીડી ઉપર ચાલવું વગેરે કરતબો ડોગે બતાવ્યા. લેબ્રાડોર અને જર્મન શેપર્ડ તેમજ વિવિધ પ્રજાતિના ડોગ અંગે વિશેષ જાણકારી મેળવી. અંત માં સર્વે ડોગે ડો.વસંત ધોળુ અને તેમની ટીમના સભ્યો તથા બાળકો સાથે હાથ પણ મિલાવ્યા. આમ ડોગ શો જોવાનો આનંદ બાળકોના ચહેરા ઉપર સ્પષ્ટ જોવા મળતો હતો.

પ્રાર્થના શેશનમાં ભરતભાઈ (અત્રી તપોવન) અને કિરીટ પોકારે ત્રિકાળ સંધ્યા વિષે પાયાની સમજ આપી

પ્રાર્થના બાદ એક હોટેલમાં કામ કરતા છોટુની બુધ્ધિ પ્રતિભા અને હંમેશા કંઈક નવું શિખવાની તાલાવેલી વડે દરેક બાળક પોતાના જીવન માં નવા આયામો સર કરી શકે છે, તે લાલ બહાદુર શાસ્રી કે સરદાર બની શકે છે, ફક્ત તેના માટે જરૂર છે સતત અને સખત કાર્ય કરવાની નેમ, ધૈર્ય આત્મવિશ્વાસ અને કાર્ય પ્રત્યેની લગન તેવા આદર્શિય રાષ્ટ્રપતિશ્રી કલામના સંદેશા ને રજુકરીત પ્રેરણારૂપ બાળ ફિલ્મ I am Kalam બતાવવામાં આવી. આજની રાત અને દિવસ અવિસ્મરણીય રહ્યો.

તા. ૩-મે-૨૦૧૩, શુક્રવાર

સવારના યોગા અને પ્રાણાયમના શેશનમાં મહેન્દ્રભાઈ એ જલનેતિના અદ્દ્ભુત પ્રયોગ રજુ કરી સૌને અચંબામાં મૂકી દીધા. પૂનમબેન ભગતે સંગીત સાથે એરોબીક્સ કરાવી બાળકોને તાલમાં લાવી દીધા હતા.

શ્રી શ્રી રવિશંકરજીના વાસદ આશ્રમના ટીચર કુ. કવિતા લીમ્બાણી એ યુથ એમ્પાવરમેન્ટ સ્કીલ વર્કશોપ ધ્વારા બાળકોને જીવન જીવવા માટે જરૂરી બાબતો અને પોઝીટીવ થિન્કિંગનું સુંદર ભાથું પીરસ્યું અને આત્મવિશ્વાસ વધારતી રમતો રમાડી

૧૦.૩૦ કલાકે એટલે જે બનવાની તમન્ના દરેક બાળકમાં હોય તેવી પ્રેરણારૂપ હસ્તી સાથે વાતો કરવાનો સમય. ગાંધીનગર (ગુજરાત) ના રેંજ આઈ.જી. ડૉ. સમશેરસિંઘ (IPS) સાહેબ તેમની સરકારી લાલ લાઈટ વાળી ગાડીમાં અને પોલીસ વર્દીમાં આવ્યા. એક મોટા અધિકારી તેમની સાથે વાતચીત કરવા આવ્યા હોય તેવો બાળકો માટે કદાચ આ પ્રથમ પ્રસંગ હતો. તેમના ચહેરા પર સાહેબ જેવા અધિકારી બનવાનું છુપુ સ્વપ્ન જાણે જન્મ લેતું હોય તેવું અમો જજ કરી રહ્યા હતા. કેટલાક બાળકોતો જાણે IAS કે IPS બની જ ગયા હોય તેવો રોમાંચ અનુભવી રહ્યા હતા. ડૉ. સમશેરસિંઘ સાહેબે બાળકો સાથેની વાતચીતમાં પોલીસનું સમાજ પ્રત્યે કર્તવ્ય, તેમની કાર્ય પ્રણાલી, IPS કઈ રીતે બનાય, કેવી તૈયારી કરવી પડે, પરીક્ષા સિસ્ટમ તેમજ રાજ્યના પોલીસ માળખાની વિગતે સમજ આપી. અંતમાં પ્રશ્નોત્તરીમાં બાળકોએ સાહેબ પર જાણે સવાલોની ઝડી

વરસાવી દીધી, સાહેબે પણ કોઈને નિરાશ કર્યા સિવાય જવાબો આપી સૌને ખુશ કરી તેમની આદર્શતાના દર્શન કરાવ્યા. માધવકંપાની જાનકીના સ્ત્રીઓપરના અત્યાચારના પ્રશ્ન બાદ ડૉ. સમશેરસિંઘ સાહેબે દરેકને પોતાનો મોબાઈલ નંબર આપી સમાજમાં ક્યાંય તેમને ખોટુ થતુ જણાય કે આત્મહત્યા જેવા નબળા વિચાર આવે કે કોઈ કરતો જણાયતો સીધો તેમને ફોન કરવા જણાવ્યું, અમને તેવાતનો આનંદ થયો કે પંચામૃતમાં ભાગલેનાર દરેક બાળકના મોબાઈલની ફોન બુકમાં ગુજરાતના પોલીસ વડાનો નંબર સેવ થઈ ગયો છે. દરેકના ચહેરા આજે આત્મવિશ્વાસથી છલકાતા હતા.

સાંજનાં શેશનમાં "પાટીદાર સંદેશ"ના માનદ્ તંત્રી અને પૂર્વ સંયુક્ત સચિવ અને સતત કાર્યશીલ રહેતા આપણા લાડીલા શામજીભાઈ પટેલ અને ડૉ.અમૃતભાઈ પટેલ (ગાંધીનગર) હાજર રહી બાળકોને પ્રોત્સાહીત કર્યા અને તેમને કંઈક નવુ લખવા માટે જણાવ્યું તેમની કૃત્રિયોને અને પરિક્ષાના પરિણામોને પાટીદાર સંદેશમાં પ્રસિધ્ધ કરવાની વાત કરી, પંચામૃતના આયોજન માટે યુવાસંઘના કાર્યકર્તાઓને બિરદાવ્યા

ફરી સમય હતો આઉટીંગનો, યુવાસંઘના કેન્દ્રીય હોદ્દેદારો દ્વારા આપવામાં આવેલ કેપ ધારણ કરી બધા ગાંધીનગરની શાન સમા અક્ષરધામ અને તેમાં વિખ્યાત "નચિકેતા વોટર" શો જોવા ગયા. આ અદ્ભૂત શો જોઈ નચિકેતાના જીવન-કવન અને પિતૃ આજ્ઞા પાલન તથા યમદેવ સાથેના સંવાદોએ બાળકોમાં સંસ્કારીતાનું નવું પીંછું ઉમેર્યુ.

રાત્રે યુવાસંઘના પૂર્વ પ્રમુખ ગૌરાંગ ધનાણી અને રાયપુરના યુવા કાર્યકર્તા વસંત ભાવાણી સાથે રાસ ગરબાની રમઝટ માણી.

તા. ૪-મે-૨૦૧૩, શનિવાર

સવારના યોગા અને પ્રાણાયમના શેશનમાં આજે યોગામાં નેશનલ લેવલે ભાગ લઈ સમાજનું નામ રોશન કરનાર દીકરી ચૈતાલી છાભૈયાએ વંદે માતરમ્‌ની ટ્યુન પર નવા નવા આસનો અને એરોબીક્સ કરાવી બાળકોમાં નવી તાજગી ભરી દીધી હતી. સાથે સાથે હિંમતનગરના યશ પટેલે બાબા રામદેવની સ્ટાઈલમાં પેટ હલાવી સૌને મંત્ર મુગ્ધ કર્યા હતા.

સવારના શેશનમાં શ્રી ડાહ્યાભાઈ પટેલ (પૂર્વ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી)એ બાળકોને ભૂગોળનું જ્ઞાન પીરસ્યું હતું. અક્ષાંશ-રેખાંશ,વૃતાંત, ધ્રુવો, લાવા, સમુદ્ર, જંગલો વિશેની અજાણી બાબતોથી માહિતગાર કર્યા હતા.

ત્યાર બાદ આપણા સમાજના શ્રી અમૃત સામાણી (નિવૃત એર કોમોડોર ભારતીય વાયુ સેના) એ બાળકોને એર ફોર્સ અંગેની જાણકારી આપી આ ફિલ્ડમાં રહેલ તકોની માહિતી આપી તેમાં પ્રવેશવા ભલામણ કરી હતી. ફરીથી પંચામૃતના આયોજન વખતે એર ફોર્સ સ્ટેશનની મુલાકાત ગોઠવી આપવાનું જણાવેલ બાળકોને સતત પરિશ્રમ કરતા રહેવા અને નવા ફિલ્ડમાં પ્રવેશવા અપીલ કરી હતી.

હવે સમય હતો ફાયર એક્ષપર્ટનો (જુદી જુદી પ્રવૃતિ સાથે સંકળાયેલા સમાજના યુવાઓ) તેઓને પોતાની આવડતવાળા ક્ષેત્રોમાં બાળકોને

તૈયાર કરવાની જવાબદારી સોપી યુવાસંઘે તેમને ભૂલ કરવાની તક આપી. જેવું શીખવી શકાય તેવું પણ તમેજ શીખવો. ફાયર એક્ષપર્ટ ટીમ પોતાના કાર્યમાં મશગૂલ બની ગઈ.

કચ્છ (નખત્રાણા)થી આવેલ હિરેન પારસીયા અને આનંદ પારસીયાની જોડીએ સ્ક્રેછાર્ટ(માટી કામનું કૌશલ્ય) માટે આખી ટીમને લીમડાની છાયામાં માટીના લોંદા સાથે કામ કરતા કરી દીધા અને ૪ કલાક બાદ માટીના બેનમૂન નમૂનાઓ કલરકામ સાથે તૈયાર કરાવી બધાને ખૂશ કરવાની સાથે બાળકોમાં ધીરજ અને ખંતરૂપી ગુણનું વાવેતર કરી દીધું. પેઈન્ટીંગમાં રસ ધરાવતા બાળકોને પીંછીન મદદ વગર ચિત્રો દોરવાની કળા શીખવી ૪૩ બાળકો દ્વારા જુદી જુદી થીમ પર ચિત્રો તૈયાર કરાવ્યા. સાથે સાથે બંને ભાઈઓએ વેસ્ટ માંથી બેસ્ટ બનાવવાની કળા પણ બાળકોને શિખવો.

નિરલ ભાદાણી (અલવા કંપા - GPSC/ UPSC Studend) એ સમગ્ર ટીમોના સંચાલન સાથે સાથે મયંક પ્રજાપતિ, ભાર્ગવ, રોનક, મધુસુદન, પીનાકીન, જીનલ રૂષાત (રૂષાત કંપા-અહમદપુરા) અને મનોજ તથા કિશન લીંબાણી (હરસોલ), હર્ષ ધોળુ, જીગ્નેશ અને રવીન પોકાર (તલોદ) એ નાટ્ય અભિનયની તાલીમ પામેલ બાળકોને મન હોય તો માળવે જવાય,જય જય ગરવી ગુજરાત, સ્વદેશી અપનાવો, ભાગેડુ લગ્ન એક સામાજિક પ્રશ્ન જેવી સ્કીટ અને ગણપતિ બાપ્પા મોરિયા વિષય પર એક અદ્દ્ભૂત માઈમ તૈયાર કરાવ્યું.

પરેશ પોકાર (ટીંબા કંપા) એ પોતાના સુરીલા કંઠથી સુંદર ગીતો ગાઈ બાળકોને તે માટે પ્રોત્સાહિત કર્યા અને ૧૨ બાળકોને સંગીત સાથે પોતાની જેમ ગીતો ગાતા કરી દીધા અને Indian Idol બનવાનું સ્વપ્ન બતાવ્યું. તેમના કહેવા મુજબ તેમને આજે બીજાને તૈયાર કરવામાં જે આનંદ આવ્યો છે તે જીવનમાં ક્યારેય આવ્યો નથી. આ માટે સાબરની ટીમનો દિલથી આભાર માનેલ.

- ભાવેશ ભોજાણી (તારંગા) એ ૪૨ બાળકોને એનાઉન્સમેન્ટની તાલીમ આપી બીજા દિવસના સ્ટેજ પ્રોગ્રામ માટે તૈયાર કર્યા.

- ચૈતાલી છાભૈયા (સુરત) એ યોગા અને ઓરોબીક્સની મદદથી અંગ મરોડ અને જુદા જુદા આશનો રજુ કરતું એક સુંદર નૃત્ય તૈયાર કરાવ્યું.

- શ્રધ્ધા છાભૈયા (સાઠંબા)એ બહેનોને સુંદર મહેંદી કામની કળા શીખવી.

- હર્ષ ઘોઘારી (ગાંધીનગર)એ બાળકોને ડાન્સની તાલીમ આપી તૈયાર કર્યા.

- નાનકડી દિયા ધોળુ (કડોદરા)એ રીંગ ડાન્સ તૈયાર કરાવ્યો.

રાત્રે સાબર રીજીયનના સઘળા સનાતની તબીબો ડૉ. અમૃતભાઈ ધોળુની આગેવાનીમાં બાળકોને તથા યુવાઓને પ્રોત્સાહિત કરવા આવ્યા અને સતેલીયા, ગીલ્લી ડંડા, ભમેડા જેવી રમતો બાળકો સાથે મન મુકીને રમ્યા. ડોકટર મિત્રોને તેમનું બાળપણ યાદ આવી ગયું. બાદમાં તેમણે એક મીટીંગનું આયોજન કરી વર્તમાન સામાજિક પ્રશ્નોની ચર્ચા કરી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા બહાર પડેલ શ્વેત પત્ર અને અન્ય આદેશોનું પાલન કરવા અને સમાજના સર્વાંગી વિકાસ માં જોડાવા

કટીબધ્ધતા દર્શાવી.

તા. ૫-મે-૨૦૧૩, રવિવાર

આજે પંચામૃતનો અંતિમ દિવસ હતો, છુટા પડવાની વેદના સાથે શીખેલ કૌશલ્યો વાલી સમક્ષ રજુ કરવાની પણ તાલાવેલી હતી. બાળકો તેમના વાલીઓ, આમંત્રીતો, યુવાસંઘના ભારતભરના કાર્યકર્તાઓ બરાબાર ૯-૦૦ કલાકે કડી કેમ્પસના વાતાનુકૂલિત "નાથીબા હોલ" માં ગોઠવાઈ ગયા હતા. સમાપન સમારોહના અધ્યક્ષ તરીકે કેન્દ્રિય યુવાસંઘના પ્રમુખ શ્રી માવજી દીવાણી (નાશિક) અને ઉદ્‌ઘાટક તરીકે શ્રી ઘનશ્યામભાઈ પટેલ (જીલ્લા શિક્ષણાધિકારીશ્રી ભાવનગર) અને મહેમાન તરીકે શ્રી રતિભાઈ છાભૈયા, શ્રી અમૃત સામાણી, શ્રી ડાહ્યાભાઈ પટેલ, શ્રી અમૃત નાકરાણી (ગ્રીનલેન્ડ કાઉન્સિલ પ્રમુખ-અંકલેશ્વર) અને જયંતિભાઈ લાકડાવાડા (યુવાસંઘ પૂર્વ પ્રમુખ-અમદાવાદ) ઉપસ્થિત રહ્યા હતા. સર્વેનું સુતરની આંટીથી સ્વાગત કર્યા બાદ ડૉ.વસંત ધોળુએ સર્વેનું શાબ્દીક સ્વાગત કરી પંચામૃત શિબિરનો સંપૂર્ણ અહેવાલ સર્વે સમક્ષ રજુ કર્યો. સર્વે મહેમાનોએ પોતાના પ્રાસંગીક પ્રવચનમાં આ પ્રવૃત્તિને બિરદાવી આવી પહેલ કરવા બદલ સાબર સાબર રીજીયનની ટીમને અભિનંદન આપી પ્રતિ વર્ષ પંચામૃત જેવા કાર્યક્રમો યોજવા અપીલ કરેલ.

ત્યારબાદ પાંચ દિવસનો નીચોડ સમો સાંસ્કૃતિક કાર્યક્રમ બાળકો દ્વારા રજુ કરવામાં આવ્યો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન બાળકોએજ કરી પોતાની સ્ટેજ સંચાલન શક્તિઓને વાલીઓ સમક્ષ રજુ કરી, સ્કીટ, માઈમ, નૃત્ય, એક પાત્રીય અભિનય, સોલો અને ગ્રૂપ સિંગિંગ, અંગ કરતબો આગવી છતાં સાથે રજુ કરી સર્વેની આંખોના ખૂણા ભીંજવી દીધા, બાળકોએ તૈયાર કરેલ ચિત્રોની નીલામી કરતા કલાના કદરદાનોએ નડિયાદની ક્રિશ્રા પટેલનું પ્રથમ નંબરનું ચિત્ર ૧૫૦૦૦/- રૂ. માં મોડાસાના ગાંધીનગર સ્થિત ભરતભાઈ છાભૈયાએ, મુંબઈની માનસી ધોળુનું બીજા નંબરનું ચિત્ર ૩૦૦૦/- રૂ. માં પ્રમુખ માવજીભાઈ દીવાણીએ અને ગુજરાતના ઈઝરાયેલકંપા તરીકે ઓળખાતા દોલપુરકંપાની અવની લીંબાણીનું ત્રીજા નંબરનું ચિત્ર ૨૫૦૦/- રૂ. તેના પિતા ભાવેશભાઈએ ખરીદ કરેલ. અમદાવાદની જાણીતી હસ્તીએ નામ ન આપવાની શરતે ૫૦૦૦/- રૂ. નું યોગદાન આપી અને ભવિષ્યમાં સાબર રીજીયનને આવી કોઈ પણ પ્રવૃત્તિ માટે આર્થિક સહયોગ આપવાની ખાત્રી આપેલ.

સમગ્ર પંચામૃતને સફળ બનાવવામાં રસોડા વિભાગ જગદીશ પોકાર (ટીમ્બા કંપા) રાજુ રૂશાત (અહમદપુરા), નરેન્દ્ર દીવાણી, કિશોર માવાણી અને અરવિંદ નાકરાણી (દહેગામ)ની ટીમે તેમજ રજીસ્ટ્રેશન કામગીરી નીલેશ સુરાણી, સુચિતા લીંબાણી, ભાવેશ ભોજાણી, નરેન્દ્ર રૂષાત અને મહા મંત્રી જીતેન્દ્ર દીવાણીની ટીમે તથા દીકરીઓની માતાના સ્વરૂપમાં સંપૂર્ણ સાર સંભાળ શિલ્પા ધોળુ, અલકા દીવાણી અને અનસુયા રૂષાત (તલોદ), ક્રિશ્રા ધોળુ (કડોદરા), પ્રિતી રામાણી (અમદાવાદ), કંચન સેંધાણી (મુંબઈ) અને અંજુબેન ધોળુ (મુંબઈ) એ કરેલ. સાથે સૌરભ રામાણી (વડાગામ),

રાજુ સુરાણી (મોડાસા), કિરીટ પોકાર (તલોદ), દિલીપ ધોળુ (હિંમતનગર), સુભાષ ધોળુ (તલોદ), દિનેશ ઘોઘારી અને શાંતિલાલ ઘોઘારી (ગાંધીનગર) તથા ભગવાનદાસ રવાણી (અમદાવાદ)એ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં સાથે રહી સફળતાના સહભાગી બનેલ. વડીલ શ્રી આર.એલ.પટેલસર (તલોદ), શ્રી અમૃત સામાણી (ભૂજ), મહેન્દ્ર સેંઘાણી (મુંબઈ) અને ડાહ્યાભાઈ પટેલ (ગાંધીનગર) પણ શિબિર સ્થળે રોકાઈને સતત માર્ગદર્શન આપેલ.

દરેક કાર્યકર્તાઓને ઋણ સ્વીકારના સંભારણા આપી સન્માનિત કરેલ. વાલીઓ અને બાળકોએ તેમના અનુભવો અત્યંત ભાવનાત્મક શૈલીમાં રજુ કરેલ અને ઘરે જવાનું મન થતું નથી, ભમેડા, લખોટી, સતેલીયા, ગીલી ડંડા, ડોક દાંડી, વંજ પટ્ટો વગેરે રમતો ક્યારેય નહિ ભૂલાય તેમ જણાવી ફરી **પંચામૃત ને બદલે દશામૃતનું** આયોજન કરજો જેથી દશ દિવસ રહેવા મળે તેવી લાગણી વ્યક્ત કરેલ.

અંતમાં સાબર રીજીયનના ઉપ પ્રમુખ ભરત સુરાણીએ આભાર પ્રગટ કરેલ. પ્રિતી ભોજન લઈ સૌ નવા મિત્રોને ટા ટા અને બાય બાય કરતા ફરીથી મળવાના સનાતની કોલ સાથે છુટા પડેલ.



યુવા સુરક્ષા કવચ સમિતિ

કન્વીનર : નરેન્દ્ર દીવાણી - ૯૮૯૮૩૦૨૧૪૮

- યુવા સુરક્ષા કવચની ટીમ દ્વારા રીજીયનના ૯ (નવ) વિભાગોમાં દરેક ગામના યુવા મંડળોના તમામ સભ્યો YSK થી સુરક્ષીત બને તેવા પ્રયત્નો કરેલ છે. બે વર્ષ દરમ્યાન ૫૦૦ YSK સભ્યો બનાવવાનો નિર્ધાર બારડોલી કાર્યશાળામાં કરેલ હતો. જે પૈકી સાબર રીજીયનના કુલ ૪૦૦ ઉપરાંત યુવાઓ YSK થી સુરક્ષીત બન્યા છે. જે કદાચ આપણા યુવાસંઘના ૨૦ રીજીયનો પૈકી સૌથી વધુ હશે.
- ઉપરાંત અમોએ સાથે મળી સમૂહ લગ્ન અમદાવાદ અને ધનસુરામાં દરેક વરઘોડીયાને YSK થી સુરક્ષીત બનાવ્યા છે.
- સાબરમાં રીજીયનના કોઈપણ યુવા મિત્રોને ત્યાં લગ્ન કે અન્ય ચાંદલા કે જીયાણા જેવા પ્રસંગે હોય ત્યારે અમોએ ચાંદલા કે ભેટ ને બદલે YSK આપવાની પ્રથા ઉભી કરેલ છે.
- મોટી ઉંમરના કોઈ વડીલોના મરણ સમયે બધા હોદ્દેદારો સાથે બેસણામાં જઈ YSK ની માહિતી આપી યોજનાની વિગતે સમજુતી આપીએ છીએ.
- ઉપરાંત સાબરના ચેરમેન તરીકે મને (ડૉ. વસંત ધોળુને) ૪૧મા જન્મદિને ૧૫૧ YSK સભ્યો બનીને અનોખી ભેટ મારા રીજીયનના કર્મઠ કાર્યકરોએ આપી ભાવવિભોર બનાવી દીધેલ. કદાચ યુવાસંઘના ઈતિહાસમાં આવો પ્રસંગ પહેલીવાર બન્યો છે.
- અમારા રીજીયનના ઈશ્વરપુરા, તાજપુરકૂઈ, રાજપુર, દોલપુર જેવા ઘણા બધા ગામોએ ૧૮ વર્ષ થાય એટલે પહેલા YSK સભ્ય બને અને પછીજ યુવામંડળનો સભ્ય બને તેવી અનોખી રીત અપનાવી અન્ય રીજીયનો માટે અમો મોડેલ રીજીયન સાબિત થયા છીએ.
- વિશેષમાં સૌથી વધુ YSK સહયોગ નિધિ પણ અમારા સાબર રીજીયને જમા કરાવેલ છે.
- YSK સભ્ય બનવું અને મિત્રોને તેમાં જોડવા એ અમારા રીજીયન સભ્યો માટે પેશન બની ગયેલ છે.આ માટેની "મોદ પરિષદ" જેવી નવી સાદાઈ ભરી રીત ભારત ભરમાં સાબરની પેટન્ટ બની ગઈ છે.
- કચ્છ ખાતે મળેલ AGM માં અમોએ YSK મિશન ઉપાડતા ૪૫ સભ્યોને આ યોજનામાં જોડેલ.
- રાજકોટ (મહાત્મા ગાંધી), આબુ (ઉત્તર ગુજરાત) ની કાર્યશાળાઓમાં અને ગોવા નાગપુર વગેરે સ્થળોએ પણ સાબર રીજીયનના હોદ્દેદારોએ YSK મિશનને પોઝેટીવ રીતે રજુ કરી સૌને આ યોજનામાં જોડાવવા સમજાવેલ.
- હાલમાં ખેતીની સીઝન હોઈ એકાદ માસ પછી આવતા વર્ષના અંત સુધી ૫૦૦ ને બદલે ૧૦૦૦ YSK બનાવવાનો નિર્ધાર છે.

સંરક્ષણ અને પ્રતિભા શોધ સમિતિ

કન્વીનર : જીતેન્દ્ર પોકાર - ૯૯૨૫૩૧૧૪૩૨

- ૩૦૦૦ ઉપરાંત સનાતની કોલેજીયન યુવાઓ દ્વારા રચિત "સ્નેહ ગાંઠ" (સાંપડ) અને ૧૨ થી ૧૮ વર્ષના ૨૧૫ સનાતની બાળકો માટેના "પંચામૃત" (ગાંધીનગર) જેવા કાર્યક્રમો થકી અમારા રીજીયને યુવાસંઘને નવી ઊંચાઈ આપેલ છે. "સ્નેહ ગાંઠ" અને "પંચામૃત" કાર્યક્રમનો સંપૂર્ણ અહેવાલ આ સાથે સામેલ છે... કારણ કે તેને શબ્દોમાં વર્ણવો મુશ્કેલ જ નહિ પણ ના મુમકીન છે. આ કાર્યક્રમના ૫૦૦ ઉપરાંત ફોટોગ્રાફ અને વીડીઓ ક્લીપ Facebook: Sabaryuvasangh પર મુકેલ છે.
- સ્નેહ ગાંઠ કાર્યક્રમ દરમ્યાન સમગ્ર રીજીયનના અભ્યાસ, રમત-ગમત, સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં પ્રથમ ત્રણ ભાઈઓ અને બહેનોના સરસ્વતી સન્માનના કાર્યક્રમનું ભવ્ય આયોજન.
- કાર્યશાળા, સ્નેહ ગાંઠ, સમૂહ લગ્ન, શ્રી લક્ષ્મી નારાયણ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ (મદાપુરકંપા & ચામુંકંપા) દરમ્યાન બેનરો દ્વારા પણ આ સમિતિના કાર્યોનો પ્રચાર-પ્રસાર કરેલ છે.

નિર્ધાર : નવા વર્ષમાં IAS/IPS ગાઈડન્સ, વકતૃત્વ, ક્વીઝ, રંગોળી, ચિત્રકામ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવું.

વસ્તી ગણત્રી સમિતિ

WEBCOM કન્વીનર : મીનેશ વાડિયા - ૯૪૨૮૩૫૭૨૨૪

- દરેક ડીવીઝનમાં **સંપર્કયાત્રા** અને **મોદ પરિષદ** યોજી સાબર રીજીયનના વસ્તી ગણતરીના બધાજ ફોર્મ કિન્દ્રીય વેબકોમ સમિતિને મોકલી આપેલ છે.
- નવીન અપ ડેટનું કામ પણ ચાલુ જ છે.
- ઉપરાંત ભારતભરમાં જે કોઈ રીજીયન કે હોદ્દેદારોને જ્યારે પણ કોઈ લોગો, બેનર ડીઝાઈન, લેટર પેડ ડીઝાઈન વગેરે તાત્કાલિક અમારી આ સમિતિ દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. જે નોંધનીય છે.
- અમારા રીજીયનમાં વધુ પડતા કૃષીકારો હોઈ ગ્રામ્ય કક્ષાએ ઈન્ટરનેટ જેવી સગવડતા ઓછી હોવા છતાં અમો એક બીજાને મદદરૂપ થઈ કાર્ય પૂર્ણ કરવા પ્રયત્નશીલ છીએ.

બિઝનેશ સેલ સમિતિ

કન્વીનર : **નિશાંત ચૌધરી - ૯૪૨૬૦૬૦૮૦૨**

- બિઝનેસ સમિતિ દ્વારા રીજીયનના ૯ (નવ) વિભાગોમાં બિઝનેસ ડીરેક્ટરીના ફોર્મ ભરવાની બાકી કામગીરી પૂરી કરેલ છે.
- હૈદરાબાદ ખાતે આયોજિત ફેમીલી બિઝનેસ સેમિનારમાં સાબર રીજીયનના ૧૧ સભ્યોએ ભાગ લઈ ધંધામાં સજાગ બન્યા છે.
- રાજકોટ, અમદાવાદ અને સુરત ખાતે નાના ગૃહ ઉદ્યોગોની વિઝીટ માટે ૨૫૦ ઉપરાંત સભ્યોનું રજીસ્ટ્રેશન થઈ ગયેલ છે. હાલમાં ખેતીની સીઝન હોઈ એકાદ માસ પછી આ ટ્રીપનું આયોજન વિચારેલ છે.

નિર્ધાર : નવા વર્ષમાં બિઝનેસ ટ્રીપ, આપણાજ સફળ બિઝનેસમેનો દ્વારા એક સેમિનારનું આયોજન પણ વિચારેલ છે.

કૃષિ અને પર્યાવરણ સમિતિ

કન્વીનર : **કિશોર માવાણી - ૯૮૨૫૮૫૪૪૦૧**

- કચ્છ રીજીયનના ખેતી સંલગ્ન મિત્રોએ સાબર રીજીયનમાં કૃષિ ટ્રીપનું આયોજન કરવા આમંત્રણ આપેલ અને સાથે રહી તેઓને જુદી-જુદી જગ્યાએ ખેતીની માહિતી આપેલ.
- અમારા રીજીયનના તલોદ ડીવીઝનના ૫૩ કૃષિ મિત્રોને નાશિક ખાતે દાડમની ખેતીની જાણકારી માટે લઈ ગયા.
- ખેડૂતોના ડોક્યુમેન્ટ સ્કેનનીગના કાર્યક્રમો ચાલી રહેલ છે.
- ગ્રીન હાઉસ ખેતીની નવી પધ્ધતિ માટે સૌને કાર્યકર્તાઓ દ્વારા સતત પ્રોત્સાહન.
- Watsapp દ્વારા Sabar Agree team વડે સંપર્ક સેતૂનું નિર્માણ.

નિર્ધાર : નવા વર્ષમાં ફિલ્ડ ટ્રીપ, આપણાજ સફળ કૃષિકારો દ્વારા એક સેમિનાર અને કૃષિ મેળાનું આયોજન પણ વિચારેલ છે.

સ્વાસ્થ્ય અને આપત્તિ નિવારણ સમિતિ

કન્વીનર : ડૉ. જીતેન્દ્ર ભાવાણી - ૯૪૨૬૩૭૯૮૧૬

- રોઝડ ખાતે મળેલ કાર્યશાળામાં સાબર રીજીયનના બધાજ સનાતની તબીબોને આમંત્રણ આપી સામાજિક કાર્યમાં જોડેલ છે.
- **સ્વાસ્થ ચેતના મિશન :** સમિતિના કન્વીનર ડૉ. જીતેન્દ્ર ભાવાણી અને ડોકટરોની ટીમ દ્વારા રીજીયનના ૯ (નવ) વિભાગોમાં દરેક ગામના ઓછામાં ઓછા પાંચ યુવાઓને પ્રાથમિક સારવારની ટ્રેનીંગ આપી મેડિકલના સાધનોનો કેવી રીતે ઉપયોગ કરવો તે શીખવવામાં આવ્યું. આ ટીમે બ્લડ પ્રેસર, યુરીન, સુગર, પલ્સ, વજન વગેરે માપી રીપોર્ટ તૈયાર કરેલ. અત્યાર સુધીમાં ૪૭૬૫ વ્યક્તિઓનું ચેકિંગ પૂર્ણ કરેલ છે. જેમાંથી ૩૨ વ્યક્તિઓને ડાયાબીટીસ અને ૧૨ વ્યક્તિઓને બ્લડ પ્રેસર હોવાનું પ્રથમવાર માલુમ પડતા સજાગતા આવેલ છે. ટુંકમાં ગામે ગામ ૧૦૮ ની ટીમ તૈયાર કરવાનો ધ્યેય છે.

  આ માટે રીજીયન દ્વારા રૂા. ૧૨,૫૦૦/- ના ખર્ચે સાધનોના ૪ સેટ વસાવેલ છે. સ્વાસ્થ્ય ચેતના મિશનના કેમ્પ દરમ્યાન ગામમાં યુવાસંઘની અન્ય પ્રવૃત્તિઓની પણ જાણકારી આપવામાં આવેલ. હાલમાં ખેતીની સીઝન હોઈ એકાદ માસ પછી બાકીના ગામોમાં કાર્ય પૂરું કરવાનો નિર્ધાર છે.
- ગાંધીનગર ખાતે આયોજન "પંચામૃત" પ્રોગ્રામમાં હેલ્થ & ડીઝાસ્ટર સમિતિના વડાની અધ્યક્ષતામાં C.R.P.F. અને B.S.F. કેમ્પની ૨૧૫ બાળકોએ અને ૫૦ જેટલા કાર્યકર્તાઓએ વિઝીટ કરી.
- જેમાં C.R.P.F. કેમ્પમાં આપતકાલીન પરિસ્થિતિ - ભૂકંપ, આગ, પૂર, અકસ્માત, વાવઝોડું, દુષ્કાળ વગેરેમાં શું તકેદારી રાખવી, કયા સાધનોનો ઉપયોગ કરવો, કેવી રીતે પોતાની અને બીજાની જાન બચાવવી વગેરેની ટ્રેનિંગ લીધી.
- ઉપરાંત ડોગ શો જેમાં કૂતરાઓને કેવી રીતે ટ્રેનીંગ આપી તૈયાર કરાય છે તેની જાણકારી મેળવી અમો સૌના જીવનનો આ યાદગાર પ્રસંગ હતો ૧૨ થી ૧૮ વર્ષના સનાતની બાળકો આ કાર્ય માટે યુવાસંઘ ને ક્યારેય ભૂલી શકશે નહિ. જે સૌથી મોટી ઉપલબ્ધી...
- B.S.F. કેમ્પ માં ભારતીય આર્મી (સેના) બોર્ડર ઉપર કેવી રીતે કાર્ય કરે છે તેની માહિતી મેળવી અને ત્યારબાદ જીવનની શ્રેષ્ઠ પળો આવી.... સેનામાં વાપરતા આધુનિક શસ્રો Machin Gun, AK-47, Insas, Carbaid, Rocket loncher ફક્ત વગેરે જેવા અને શસ્રોના

ફક્ત નામ સાંભળ્યા હતા પરંતુ આજે અમારા હાથમાં હતા તેને લોડ-અનલોડ કરવા, ટ્રીગર દબાવવી વગેરેને આનંદ શબ્દ માં શક્ય નથી... આપણા યુવાસંઘન પ્રમુખશ્રી માવજીભાઈ, ઉપ પ્રમુખશ્રી પ્રકાશભાઈ, મહામંત્રીશ્રી ગૌતમભાઈ, પી.આર.ઓ. શ્રી અશોકભાઈ, ગ્રીનલેન્ડ કાઉન્સીલ મંત્રી શ્રીમતી પૂનમ ભગત, સહમંત્રી દમયંતીબેન ભાવાણી તથા અન્ય કાર્યકર્તાઓ પણ મોટી સંખ્યામાં હાજર રહેલા.

- Health tips દર્શાવતી ૨૫૦ જેટલી CD વિતરણ કરી અવેરનેસ લાવવાનો પ્રયત્ન કરેલ છે.
- કાર્યશાળા, સ્નેહ ગાંઠ, સમૂલ લગ્ન, શ્રી લક્ષ્મી નારાયણ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ (મદાપુરકંપા & ચામુંકંપા) દરમ્યાન બેનરો દ્વારા બાઈક ચલાવતા ફરજીયાત હેલ્મેટ અને વ્યશન મુક્ત સાબર ટીમ બનાવવાનો નિર્ધાર કરાવડાવ્યો

નિર્ધાર : નવા વર્ષમાં બોડી ચેક અપ, ડીઝાસ્ટર કેમ્પ અને ડોકટરોની ટીમ દ્વારા સ્વાસ્થ રથ કાઢી જન જાગૃતિના કાર્યો કરવાનો નિર્ધાર...

યુવા ઉત્કર્ષ સમિતિ

કન્વીનર : **સુચિતા લીંબાણી - ૯૭૨૫૪૫૭૦૭૦**

- ૩૦૦૦ ઉપરાંત સનાતની કોલેજીયન યુવાઓ દ્વારા રચિત "સ્નેહ ગાંઠ" (સાંપડ) અને ૧૨ થી ૮ વર્ષના ૨૧૫ સનાતની બાળકો માટેના "પંચામૃત" (ગાંધીનગર) જેવા કાર્યક્રમો થકી આમારા રીજીયનને યુવાસંઘને નવી ઊંચાઈ આપેલ છે.
- **"સ્નેહ ગાંઠ"** અને **"પંચામૃત"** કાર્યક્રમનો સંપૂર્ણ અહેવાલ આ સાથે સામેલ છે.... કારણ કે તેને શબ્દોમાં વર્ણવો મુશ્કેલ જ નહિ પણ ના મુમકીન છે. આ કાર્યક્રમોના ૫૦૦ ઉપરાંત ફોટોગ્રાફ અને વીડીઓ ક્લીપ Facebook : Sabaryuvasangh પર મુકેલ છે.

નિર્ધાર : નવા વર્ષમાં ગૃહિણી તાલીમ શીબીર, "બોલે પાટીદાર તો છાજે પાટીદાર" અને ક્વીઝ, રંગોળી, ચિત્રકામ વગેરે કાર્યક્રમો નું આયોજન વિચારેલ છે.



રમત-ગમત સમિતિ

કન્વીનર : રામચંદ્ર છાભૈયા - ૯૯૭૮૯૨૯૬૬૬

- રાત્રી ક્રિકેટ ટૂર્નામેન્ટ (ફક્ત સનાતનીઓ માટે જ) ટીંબાકંપા સનાતન યુવા મંડળ (તલોદ ડીવીઝન) જેમાં ૧૨૮ ટીમોએ અને વખતપુરા સનાતન યુવા મંડળ (ધનસુરા ડીવીઝન) જેમાં ૮૦ ટીમોએ ભાગ લીધો હતો.
- રાત્રી વોલીબોલ ટૂર્નામેન્ટ : ઈશ્વરપુરા કંપા સનાતન યુવા મંડળ (મોડાસા ડીવીઝન) જેમાં ૭૬ ટીમોએ, અણીયોર કંપા સનાતન યુવા મંડળ (ધનસુરા ડીવીઝન) જેમાં ૭૨ ટીમોએ ભાગ લીધો. આ બંને સ્થળો ઉપરાંત નરોડા-અમદાવાદ (મહાત્મા ગાંધી રીજીયન) અને કપડવંજ (સરદાર પટેલ રીજીયન) માં યોજાયેલ સ્પર્ધામાં પણ સાબરનાં બાયડ ડીવીઝનની ટીમે ચેમ્પિયન બની ઈતિહાસ રચ્યો.

નિર્ધાર : નવા વર્ષમાં રીજીયનના ખેલ મહાકુંભનું તેમજ મેચીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન વિચારેલ છે.



રાજકીય અને નેતૃત્વ સમિતિ

કન્વીનર : હરેશ છાભૈયા - ૯૪૨૯૭૫૩૧૪૦

- કચ્છ ખાતે મા. છબીલભાઈ પટેલના ચુંટણી પ્રચારમાં મોટી સંખ્યામાં અમારા સાબર રીજીયનના કાર્યકર્તાઓ સમિતિના નેતૃત્વમાં જોડાઈ મીશન રાજકીય સફળ બનાવેલ.
- ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત લેવલે રાજકીય ક્ષેત્રે જોડવા ઈચ્છુકને પ્રોત્સાહિત કરીએ છીએ.
- શ્રી મહેન્દ્રભાઈ પટેલ (બિલપણકંપા) સાબરકાંઠા જીલ્લા પંચાયતમાં સદસ્ય તરીકે ચૂંટાયા છે.
- શ્રી જગદીશભાઈ વાસાણી (વડાગામ) એ.પી.એમ.સી. - ધનસુરાના ચેરમેન તરીકે ચૂંટાયા છે.
- રીજીયનના મહામંત્રી જીતેન્દ્ર દિવાણી ગ્રામ પંચાયતમાં ડેલીગેટ તરીકે ચૂંટાયા છે.



સામાજીક અને આધ્યાત્મિક સમિતિ

કન્વીનર : દિલીપ સેંઘાણી - ૭૮૭૪૭૨૬૦૬૪

- આર્યવન રોઝડના શ્રી દિનેશકુમારજી અને શ્રી જ્ઞાનેશ્વરાર્યજી ના સુંદર પ્રવચનનું આયોજન કરેલ છે.
- ધનસુરા ખાતે પ.પૂ.સંત શ્રી મોહનદાસજી મહારાજના સાનિધ્યમાં ગુરૂ-શિષ્ય મિલન કાર્યક્રમમાં સહભાગી બન્યા.
- વિશેષમાં કેન્દ્રીય સમાજ દ્વારા નખત્રાણા ખાતે ૨૫-૦૫-૨૦૧૩ ના રોજ આપણા આદ્ય સમાજ સુધારક-જ્ઞાતિ રત્ન પ.પૂ. શ્રી નારાયણજી રામજી લીંબાણીની ૧૩૦ મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે સાબર રીજીયન ટીમ દ્વારા સંગીત, નાટ્ય અને ફીલ્મ સ્વરૂપે **"શ્રી નારાયણ કથા"** રજુ કરી ભારતભરમાં યુવાસંઘના કાર્યોમાં એક યશ કલગી ઉમેરી નવી જ સનાતની ચેતના જગાવી છે.
- જેની નોંધ આપના મીડીયાએ કવર પેઝ પર લઈ યુવાસંઘ માટે નવો ઈતિહાસ રચ્યો છે.
- આ **"શ્રી નારાયણ કથા"**નો બીજો પ્રયોગ ૨૨-૬-૧૩ના **મુલુંડ-મુંબઈ** ખાતે તથા ત્રીજો પ્રયોગ ૭-૭-૧૩ના રોજ **અંકલેશ્વર** ખાતે પણ થઈ ગયો ૧૮-૮-૧૩ના રોજ **હિંમનગર** ખાતે અને ત્યારબાદ બીજા **૧૧ સ્થળો** માટે આવેલ માંગણીને સમિતિએ નોંધી છે અને તેનું આયોજન થઈ રહ્યું છે.



સગપણ સબંધિ સમિતિ

કન્વીનર : રોહિત છાભૈયા - ૯૪૨૬૦૬૦૬૨૫

- કાર્યશાળા, સ્નેહ ગાંઠ, સમૂહ લગ્ન, શ્રી લક્ષ્મી નારાયણ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ (મદાપુર કંપા & ચામુંકંપા) દરમ્યાન બેનરો દ્વારા અને અલાયદા ફોર્મ પ્રિન્ટ કરી વ્યાપક પ્રચાર - પ્રસાર કરેલ.
- હાલ સુધીમાં ૫ જેટલા સગપણો આપણી સમીતીના મેસેજ દ્વારા થયેલ છે. જેનાથી પ્રેરાઈ હિંમતનગરના ડૉ. ચીમનભાઈ પટેલે પાટીદાર સંદેશમાં પણ કાર્યના સુંદર ન્યુઝ આપેલ.
- આપના તરફથી મળતા મેસેજને ૯ ડીવીજનલ પ્રમુખ, ૯ ડીવીજનલ સેક્રેટરી, ૧૩ સમિતિ લીડર ઉપર મોકલાવીએ છીએ. તેઓ દ્વારા યુવા મંડળોના પ્રમુખ-મંત્રી અને સમાજના વડીલો સુધી પહોંચે છે. આમ એક મેસેજ ૧૫૦૦ થી વધુમાં ફેરવાય છે.

પ્રવક્તા અને પ્રકાશન સમિતિ

કન્વીનર : પ્રકાશ લીંબાણી - ૯૪૨૯૪૬૨૬૦૦

- આધુનિક Whatsapp અને 160 by2 અને way2sms દ્વારા અને Facebook : Sabaryuvasangh જેમાં ૧૦૦૦ ઉપરાંત Friends અને ૩૦૦૦ વધુ ફોટોગ્રાફ તથા યુવાસંઘની માહિતી મૂકીને તે ઉપરાંત Sabaryuvasangh@gmail.com વડે સંદેશાની આપ-લે કરી સંપર્ક સેતૂનું નિર્માણ
- PRO અને Secretary પણ દરેક બાબતના મોબાઈલ મેસેજ વડે સક્રિય.
- યુવાસંઘની 'સંપર્ક' પુસ્તિકાનું સમગ્ર કામ સાબર રીજીયનની ટીમે કરેલ છે.
- પાટીદાર સૌરભ અને પાટીદાર બંધુ, ઉમા દર્પણ માં રીજીયનના **સ્નેહગાંઠ, પંચામૃત, સુનામી દહન અને શ્રી નારાયણ કથા** જેવી પ્રવૃત્તિના સમાચારને ચાર વખત કવર પેજ પર અને પાટીદાર સંદેશમાં રંગીન પેજમાં સ્થાન મેળવનાર એક માત્ર રીજીયન. આમ રીજીયનની પ્રવૃત્તિઓનો સતત સુંદર પ્રચાર - પ્રસાર
- વર્ષ દરમ્યાન ૭૦ ઉપરાંત જુદી-જુદી પ્રવૃત્તિઓ અંગેની, માર્ગદર્શન માટેની કોઈ સમાજ વિરોધી કાર્યને વખોડી કાઢતી, પ્રોત્સાહન આપતી અને શોક પ્રગટ કરતી **૫૩૦૦ જેટલા પત્રો** લખી યુવાસંઘના કાર્યો અને પ્રણાલીને વ્યક્તિ-વ્યક્તિ સુધી પહોંચાડેલ છે.
- સાબર રીજીયનનું અનિયતકાલીન મુખપત્ર **"સાબર જો વાવડ"** શરૂ કર્યું.

ફંડ આયોજન સમિતિ

કન્વીનર : **દિનેશ પોકાર** - ૯૪૮૮૪૮૩૭૦૧

- જાહેરાતો દ્વારા, યુવાસંઘ કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કરી, કાર્યક્રમમાં ઉદ્યોગપતિઓને સામેલ કરી, YSK ના સભ્યો વધુ બનાવતા રીજીયનને મળેલ હિસ્સા દ્વારા, પાસ પદ્ધતિ વગેરે દ્વારા નાણા મેળવી સાબર રીજીયનમાં યુવાઓ માટેના સમાજ ઉપયોગી કાર્યો કરેલ છે.
- વધુમાં આવક-ખર્ચના હિસાબો ચોકસાઈથી દર્શાવી વિશ્વાસ સંપાદિત કરેલ સાથે સાથે એકદમ કરકસર પૂર્વક નાણાનો ઉપયોગ કરી બચત કરેલ છે. Bank of India - Talod Branch માં ABKKP Yuvasangh - Sabar Region નું ખાતું ખોલાવી મોટા ભાગના વ્યવહારો બેન્કથી કરીએ છીએ.
- ચાલુ સાલે રીજીયનનું કેન્દ્રિય કે બઝારનું કોઈ લેણું બાકી નથી.
(હોદેદારોએ જરૂર પડે લોન આપેલ છે.)

સાબર રીજીયન દ્વારા પૂ. નારાયણ રામજી લીંબાણીને "શ્રી નારણ કથા" દ્વારા અનોખી શ્રધ્ધાંજીલ



જન્મ જયંતિ

જ્ઞાતિ સુધારકની જન્મ જયંતિએ ભવ્ય આયોજન

નખત્રાણામાં ડૉ. વસંત ધોળુના વ્યાસપીઠપદે યોજાયેલ શ્રી નારાયણ કથાનું સનાતનીઓએ કર્યું રસપાન

મુંબઈ ઝોન દ્વારા જ્ઞાતિ સુધારકની જન્મ જયંતિએ ...સ હોલ, મુલુંડ ખાતે 'નારાયણ કથા' યોજાઈ

શું આપે Family ID મેળવ્યો છે ?
જો ના મેળવ્યો હોય તો નીચે દર્શાવ્યા પ્રમાણે મેળવી વૈશ્વિક ઓળખ બનાવીએ.

Family ID મેળવવો ખૂબ સહેલો છે... અને વિના મૂલ્યે છે....
સમાજ સાથે સીધુ જોડાણ છે....

- પ્રથમ www.yuvasangh.org વેબ સાઈટ ઓપન કરો....
- જમણી બાજુ Login/Sign Up to Yuvasangh ઉપર ક્લીક કરો
- Online Registration ઉપર ક્લીક કરો...
- આપનો મોબાઈલ નંબર લખો....
- મોબાઈલમાં આવેલ મેસેજ એન્ટર કરો
- આપેલી વિગતો ભરતા જાઓ....
- ☑ ચોરસ ખાનામાં ખરાની નિશાની કરી.... Register પર ક્લીક કરો...
- આપનો Family ID મળી જશે... Continue પર ક્લીક કરી અન્ય વિગતો પણ ભરતા જાઓ....

થોડુંક YSK વિશે પણ જાણીએ... આપણે જોડાઈએ.... મિત્રોને જોડીએ

આપણા માટે તો જીવનભર કંઈક ને કંઈક કરતા રહીયે છીયે... પરંતુ અન્ય જે આપણા જ છે... જેની સાથે આપણે રહીયે છીયે... ભળીયે છીયે... સુખ - દુઃખ વહેંચીયે છીયે... તેઓ આપણા કદાચ... કુટુંબી... સ્નેહી... સગા... મિત્ર... પણ હોઈ શકે... અને કાંઈ ના હોય... તો તે આપણા ભાઈચાત તો છે જ... આપણું સામાજીક ઋણ છે...

જેના માટે તેના આકસ્મિક અવસાન સમયે ૭૦... ૮૦... ૯૦... કે ૧૧૦... રૂપિયા જેવી મામુલી રકમ તેના પરિવારને બારસ વિધી સુધીમાં ન આપી શકીયે... (હા... ચોક્કસ આપી શકીયે... એટલુ સામર્થ્ય તો ભગવાને આપ્યુ જ છે...) બસ આ વડીલો વખતની જૂની સાદડી પ્રથાનું આધુનિક રૂપ એટલે YSK (૧૮ થી ૫૫ વર્ષની વયના યુવાઓ માટેનું યુવા સુરક્ષા કવચ)

ચાલો યુવાસંઘના કાર્યકર્તાને મળીયે આપણા યુવા મંડળના દરેક યુવક યુવતીને સુરક્ષીત કરી સમાજીક કર્તવ્ય નિભાવીએ.

YSK યોજનામાં જોડાઈ અપને લીયે નહી... લેકીન અપનો કે લીયે કુછ કરે...


realpatidar.com
વ્હાઈટ વોશ
સફેદ માખી માટે
પ્રોટેક્ટર
દરેક પ્રકારના ચુસીયા માટે
સંજીવની ગોલ્ડ
ફ્લાવરીંગ માટે
આદિત્ય પાવર
પાકવર્ધક
જોશ
લીલી પોપટી માટે
સ્પાર્ટન
દરેક પ્રકારની ઈયળોના સર્વનાશ માટે
જ્વાલા
ફુગનાશક તરીકે
સુપ્રીમો
સ્ટીકીંગ એક્ટીવેટર એજન્ટ
હ્યુમી જેલ
સોઈલ કન્ડીશનર
હ્યુમીઆદિ
ગ્રોથ અને ફ્લાવરીંગ સ્ટીમ્યુલન્ટ
ગ્રીન ગોલ્ડ
ગ્રોથ અને ફ્લાવરીંગ સ્ટીમ્યુલન્ટ
ડબલ ફાઈટર
દરેક પ્રકારની ઈયળોના નાશ તથા લીફમાઈનર માટે
બાયો રક્ષક
થ્રીપ્સ અને માઈટસ માટે
સન ઝાઈમ
આકાર વધારવા અને ચમક માટે
BEGINNING OF CHANGES
ACP
આર્યન ગોલ્ડ
વોટર સોલ્યુએબલ ફર્ટીલાઈઝર
દરેક પ્રકારના છોડ માટે
૧૩-૦૦-૪૫ ૦૦-૦૦-૫૦
૧૯-૧૯-૧૯ ૧૨-૬૧-૦૦
મેગ્નેશિયમ સલ્ફેટ
કેલ્શિયમ નાઈટ્રેટ
મલ્ટી માઈક્રોન્યુટ્રીઅન્ટસ
Aryan Gold
ચેતન ત્રિવેદી મો. ૦૭૮૭૪૬૯૨૩૫૯
આર્યન ક્રોપ પ્રોટેક્શન પ્રા. લિ.
કોર્પો. ઓફીસ : જી-૨૦, ઓમ પાર્ક કોમ્પ્લેક્ષ, ગીતાંજલી ચાર રસ્તા પાસે, પીજ રોડ, નડીઆદ-૩૮૭ ૦૦૨. (જિ. ખેડા, ગુજરાત)
ઈ-મેઈલ : aryancropprotection@gmail.com • વેબસાઈટ : www.aryancropprotection.com
મનીષ રામાણી
મો. ૦૯૮૨૫૯૮૬૫૩૩૦
અલ્પેશ રામાણી
મો. ૦૯૪૨૮૭ ૬૯૪૮૨
દેસાઈપુરા કંપા (ગારૂડી)
ડિલરશીપ માટે પુછપરછ આવકાર્ય છે.
છોડના અપુરતા વિકાસ માટે ક્યાંક
ક્ષારયુક્ત પાણી તો જવાબદાર નથી ને..?
GreenMan™
The Magnetic water Conditioner
© IMAGE
ચુંબકીય જળ
બનાવે ખેતી સફળ
Contact : 98797 88636


realpatidar.com
VEEMA CHEMECALS
Mfg. of. : PESTICIDES
LIQUID FORMULATIONTRADE NAME
Monocrotophos 36% S.L. VEEMPHOS
Fenvalerate 20% E.C. -
Cypermethrin 25% E.C. VIM BUSH
Cypermethrin 10% E.C. -
Dimethoate 30% E.C. VIGOR
Chlorpyriphos 20% E.C. BAN TC
Imidacloprid 17.8 % SL Confidater 200 SL
Lime Sulphur 22% S.C. TIGER STAR
Glyphosate 41 % SL Glypho
Paraquat dichloride 42 % SL PARA 24
WETTABLE FORMULATIONTRADE NAME
Acephate 75 % S.P. VEEMPHATE
Sulphar 80 % W.P. VEEMASULF
Thiram 75 % D.S. BEEJPAT
Atrazine 50 % W. P. Atra
2-4, D Sodium Salt 80 % WA VIMAXONE
Acetamiprid 20 % S.P. TRIDE
Meetribuzin 70 % WP METRI 70
DUSTING FORMULATIONTRADE NAME
Methyl Parathion 2% Dust FOLDOL
Fenvalerate 0.4 % Dust Fenvalerate
Sulphar 85 % Dust NINE STAR
Malathion 5 % Dust
GRANULES FORMULATIONTRADE NAME
Phorate 10 % C.G. Furatom-10CG
N.P.K. 19:19:19 Foly Sprayu
CONTACT : Ghanshyambhai K. Patel : 94260 27661, 94289 65846
Talod Road, DHANSURA-383 310 Dist: S.K. GUJARAT, (INDIA)
Ph.: (02774) (O) 222212 (R) 223861 Fax: (02774)222612
Email:veemachem84@yahoo.com website: www.veemachemicals.com
MR & BWR GRADE
corus®
PLYWOOD, BLOCK BOARD & FLUSH DOOR
AN ISO 9001 : 2008 CERTIFIED COMPANY
QUICKCOL
AN ISO 9001 : 2008 CERTIFIED COMPANY
Apple Marketing
Himatnagar
+ 91 94 264 48522 Chetan Patel
+ 91 94 276 89376 Bhavesh Patel
E-mail : chetanpatel682@gmail.com
Apple Enterprise
Himatnagar
+ 91 99 797 48526 Navin Patel
+ 91 97 379 87222 Jayesh Patel
E-mail : chetanpatel682@gmail.com
Apple Ply & Hardware
Bayad
+ 91 94 089 31946 Rohit Patel
+ 91 94 276 39216 Mukund Patel
E-mail : mukund.apple90@gmail.com
Apple Inteior Gallery
Gandhinagar
+ 91 99 790 60124 Vishal Patel
+ 91 94 264 48522 Chetan Patel
E-mail : appleinteriorgallery@yahoo.com
realpatidar.com